**સુવિચાર**
''આપણી આંખ એ જ ખોલે છે, જેના પર આપણે આંખ બંધ કરી ભરોસો કરીએ છીએ.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૫/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ અ. જેઠ સુદ-૧૨ વર્ષ : ૧૭ અંક : ૧૪૦

## જનતા જનાર્દનનાં કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલ માર્ગમાં પડયા ખાડા

# અમરેલીમાં સિવિલ હોસ્પિટલ પાછળનો માર્ગ બનાવવામાં દે ધનાધન

માર્ગમાં ઠેકઠેકાણે તિરાડ પડવી, કોંક્રિટ ઉખડી જવી અને સપાટી બેસી જવાની ફરિયાદ

એક પણ ભ્રષ્ટાચારીનો વાળ વાંકો થતો ન હોવાથી જેના હાથમાં તેના મોંમાં જેવી સ્થિતિ જોવા મળે

જનપ્રતિનિધિઓ કયાં કારણોસર નબળા કામ સામે આંખ મિંચામણા કરે છે તે સમજાતુ નથી

કોંગ્રેસનાં અનુ.જાતિ વિભાગનાં ચેરમેન પ્રહલાદ સોલંકીએ ચીફ ઈજનેરને પત્ર પાઠવ્યો



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા કોંગ્રેસનાં અનુ.જાતિ વિભાગનાં ચેરમેન પ્રહલાદ સોલંકીએ ચીફ ઈજનેરને પત્ર પાઠવીને અમરેલી જ સિવિલ હોસ્પિટલ પાછળ માર્ગ બનાવવામાં ગેરરીતિ થયાનો આક્ષેપ કરીને તટસ્થ તપાસ કરવાની માંગ કરેલછે.

અનુસંધાન પાના ૬ ઉપર

સુશ્રુત
આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર
તથા પંચકર્મના નિષ્ણાંત
➡ ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો ➡ માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
➡ તમામ પ્રકારના વાં (દુઃખાવા), સ્ત્રીરોગ ➡ વગેરેમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,43,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૭/૦૫/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ
જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
6354973131
બાલમુકુંદ
જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ડો. જીતેન્દ્ર એ. સોલંકી
એમ.એસ.(ઓપ્થલ)
આંખના સર્જન
શિવમ્
આંખની હોસ્પિટલ
ઉપલબ્ધ સુવિધાઓ.....
• મોતીયાનાં ઓપરેશન તથા નેત્રમણી આરોપણ
• નેત્રમણી માટે ટાંકા વગરના ઓપરેશનો (ફેકો)
• આંખનાં નંબરની કોમ્પ્યુટર દ્વારા તપાસ
• કોન્ટેકટ લેન્સ કિલનીક તથા નંબર ઉતારવા વિશે માર્ગદર્શન
• પડદાનાં રોગોની તપાસ તથા સારવાર
• આંખની રસી, ફુલુ, ચાંદાની સારવાર
• દર્દી તપાસવાની OPD નીચે ગ્રાઉન્ડ ફલોર પર
માણેકપરા, પી.પી.સોજીત્રા સાહેબનાં બંગલાની સામે, અમરેલી મો.નં. ૭૪૮૭૮ ૦૨૭૯૯

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. જતીન વખારિયા
કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. પાર્થ જોષી
MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)
મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જન
દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. શ્રેયા બુટાલા
MD, DM Gastro (SGPGIMS),
Consultant Gastroenterologist and Hepatologist
દર મહિનાના ત્રીજા શુક્રવારે
ડો. પ્રિતિશ શાહ
એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીએનબી (નેફ્રોલોજી)
કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ
લક્ષણો:
પગ માં સોજા ચડવા, બીપી, ડાયાબિટીસ, ભૂખ ઓછી લાગવી, પેશાબમાંથી પ્રોટીન જવું, ઉલટી, ઉબકા, હેડકી, પેશાબ ઓછો કે બંધ થઈ જવો, શ્વાસ ચડવો, તાણ આંચકી
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. દેવાંગ ટાંક ગેસ્ટ્રોલોજીસ્ટ
પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત
તા. ૨૮/૦૫/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૦ થી ૧
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

### અજમાયસી નાયબ કલેક્ટર વાય.એન. બારડે ફરિયાદ નોંધાવી

# વડિયાનાં બાંટવા દેવળીથી વાવડી ગામ તરફનાં માર્ગ ઉપર બિનઅધિકૃત રીતે પેટ્રોલીયમનું પ્રોડક્શન

### ઈ.ચા. મામલતદારે જથ્થો સીઝ કર્યો છતાં પણ બગાડ કર્યો

અમરેલી, તા. ૨૭

ગત તા. ૭/૩/૨૬ના રોજ વડિયા ઈ.ચા. મામલતદાર કે.આઈ. સીંધી તથા ઈ.ચા. સર્કલ ઓફીસર કે.એલ. સિંધવએ વડિયા તાલુકાના બાંટવા દેવળી ગામથી સ્ટેશન વાવડી ગામ તરફ જવાના રસ્તે અનઅધિકૃત રીતે ટાયર બાળી અને તેમાંથી ફરનેશ ઓઈલ તથા કાર્બન પાઉડરનુ ઉત્પાદન કરતા હતાં અને આ યુનીટ ખાતે બિન અધિકૃત રીતે પેટ્રોલીયમ પ્રોડકસ અને કાર્બન પ્રોડકસનુ ઉત્પાદન, સંગ્રહને વેચાણની પ્રવૃત્તિ કરેલ હોવાનુ જાહેર થયેલ હોય. જેથી તે સ્થળ પર જઈ તપાસ કરતા જે સ્થળે યુનીટ મેનેજર અર્જુનભાઈ દેવરાજભાઈ પાનસુરીયા (રહે, બાંટવા દેવળી) મળી આવેલ હોય તેમજ યુનીટના માલીક પિયુષભાઈ રાજેન્દ્રસિંહ જાડેજા (રહે. જેતપુર) અને જગ્યાએ સીમતળ ખેતીની જમીન આવેલ હોય જે જમીન માલીક ખોડાભાઈ બેચરભાઈ પરમાર (રહે. અમરનગર) હોવાનુ જણાય આવેલ હતું અને સદર જગ્યા ભાડેથી રાખેલ હોવાનુ જણાય આવેલ હોય અને તે જગ્યાએથી તપાસ કરતા મળી આવેલ વસ્તુઓ આવશ્યક ચિજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ અને પેટ્રોલીયમ એકટ ૧૯૩૪ તથા પેટ્રોલીયમ રૂલ્સ ૨૦૦૨ ની જોગવાઈઓ તળેથી કુલ કિં. રૂા. ૫૪,૭૮,૦૦૦નો જથ્થો સીઝ કરી સરકારી જાહેર કરી અને સીઝ હુકમની કાયદા મુજબ બજવણી કરી અને સોંપેલ હતી.

આમ છતા યુનીટના મેનેજર અર્જુનભાઈ તથા યુનીટ માલીક પીયુષભાઈ તથા ટ્રક ડ્રાઈવર/કાલીક નૌશાદભાઈ નામના ઈસમોએ સીઝ થયેલ મુદામાલ અને સરકારી થયેલ હુકમનો અનાદાર કરી અને તે મીલ્કતના યુનીટને કપટપુર્વક પુનઃ શરૂ કરી અને તેમાંથી કાર્બન પાઉડરનુ ઉત્પાદન વધારી તથા વપરાયેલ ટાયર અને ટાયર વેસ્ટનો જથ્થોનો ઘટાડો કરી તેમજ ટાયરમાંથી નિકળેલ તારના જથ્થાનું ઉત્પાદન કરી અને સીઝ થયેલ જથ્થામાં કપટપૂર્વક છેડછાડ કરી તેમજ બગાડ કરી અને જથ્થો ઓછો વધુ કરી અને વપરાયેલ ટાયર અને ટાયર વેસ્ટનો જથ્થો ૩૦ ટનમાંથી બગાડ કરી ૧૦ ટન રહેવા દિધેલ અને કિંમત રૂપિયા ૮૦,૦૦૦ની મીલ્કતનો બગાડ કરેલ હતો. તેમજ ટાટા સીન્ગા ટ્રક નં. એચ.આર.–૫૫ એ.પી.–૪૧૫૬ કિંમત રૂપિયા ૩૬,૦૦,૦૦૦ની મીલ્કત બદદાનતથી લઈ જઈ અને ચોરી કાર્યની વડિયા મામલતદાર કચેરીના અજમાયશી નાયબ કલેકટર યોગેશભાઈ નંદલાલભાઈ બારડે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### બાબરાનાં વાંડળીયાનો યુવક ફતેપુરથી બાયોકોલ ટ્રકમાં ભરી પરત ફરતો હોય

# અમરેલીનાં નવા બાયપાસ માર્ગ ઉપર ટ્રક ચાલક યુવકનાં કપડા ઉતરાવી નગ્ન હાલતમાં વિડીયો બનાવી નાણા પડાવ્યા

### ભોગ બનનાર યુવકે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ

બાબરા, તા. ૨૭

બાબરા તાલુકાના વાંડળીયા ગામે રહેતા અને ડ્રાઈવીંગ કરતા અજયભાઈ રામજીભાઈ ગાંગડીયા નામના ૨૬ વર્ષીય યુવક ગત તા. ૨૪ના રોજ રાત્રે ૧૨ વાગ્યા આસપાસ પોતાના હવાલાવાળા વાહન નં. જીજે–૧૪ એટી–૨૧૦૩ લઈને અમરેલીના ફતેપુર ગામથી બાયોકોલ ભરી બાબરા પરત જતો હતો. ત્યારે અમરેલીના બાયપાસ રોડ પરથી માચીયાળા તરફ ટ્રક લઈને જતો હતો. ત્યારે ટાટા મોટર્સ સર્વિસ સ્ટેશન પાસેથી થોડે આગળ પહોંચતા એક અજાણી એકટીવા તથા અન્ય વાહન પર આવેલા પરિત અને હરકિશન નામના આરોપી દ્વારા ટ્રક રોકાવેલ અને જબરજસ્તીથી ડ્રાઈવર યુવકને નીચે ઉતારી નજીકમાં આવેલ નવા રેલ્વે પુલીયા નીચે લઈ ગયેલ હતા.

ત્યાં બીજા ચાર અજાણ્યા ઈસમો આવતા કુલ છ જેટલા શખ્સોએ આ યુવક સાથે મારઝૂડ કરી, પરવેજ નામના વ્યકિતએ મોબાઈલ તથા પાકીટ ઝૂંટવી લીધેલ અને તોફિક નામના આરોપી છરી બતાવી યુવકના કપડા ઉતરાવી તેનો નગ્ન હાલતમાં વિડીય રોનક નામના વ્યકિતએ બનાવી લીધો હતો.

બાદમાં આ તમામ આરોપીઓએ યુવકને જાનથી મારી નાખવાની તથા વિડીયો વાયરલ કરવાની ધમકી આપી યુવક પાસેથી રોકડ રૂપિયા ૮૦૦ થી ૧૦૦૦ તથા ગૂગલ પે મારફતે રૂપિયા ૫૦૦૦ પુરાણે ટ્રાન્સફર કરાવેલ અને બીજા દિવસે વધુ રૂપિયા ૪૫,૦૦૦ની માંગણી કરી ધમકી આપેલ હતી. બાદમાં આરોપીઓ મોબાઈલ, ખાલી પાકીટ તથા વાહનની ચાવી ફેંકી બનાવ સ્થળ પરથી નાસી ગયેલ હતા. આ અંગે ભોગ બનનાર યુવકે અમરેલી તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### અમરેલી તાલુકાનાં કેરિયાચાડ ગામે

# અત્યાચાર પીડિત પરિવારને ફાળવાયેલ જમીન પરનું દબાણ દુર કરવા આદેશ

### પીડિત પરિવારને ન્યાય મળવાની આશા જાગી

અમરેલી, તા. ૨૭

અમરેલી તાલુકાનાં કેરિયા ચાડ ગામે અત્યાચાર પીડિત ઝાલા પરિવારને ફાળવવામાં આવેલી સરકારી જમીન પર થયેલા દબાણ મુદ્દે મામલતદાર, અમરેલી ગ્રામ્ય દ્વારા તાત્કાલિક કાર્યવાહીનો આદેશ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, અત્યાચાર પીડિત તરીકે ઝાલા પરિવારને સરકાર તરફથી પુનઃ વસન અંતર્ગત કેરિયા ચાડ ગામની જમીન ફાળવવામાં આવી હતી. પરંતુ જમીન પર દબાણ હોવાને કારણે પરિવાર છેલ્લા લાંબા સમયથી તેનો હકભોગ મેળવી શકયો ન હોતો. આ મામલે પરિવાર દ્વારા જિલ્લા વહીવટી તંત્ર સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી.

આ રજૂઆતને પગલે મામલતદાર, અમરેલી ગ્રામ્ય કચેરી દ્વારા તા. ૨૭/૦૫/૨૦૨૬નાં રોજ સત્તાવાર પત્ર મારફતે દબાણકારોને પાંચ દિવસમાં જમીન ખાલી કરવાની નોટિસ આપવામાં આવી છે. નિર્ધારિત સમય મર્યાદામાં દબાણ દૂર નહીં કરવામાં આવે તો પોલીસ બંદોબસ્ત સાથે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ પણ સ્પષ્ટ કરાયું છે.

ઝાલા પરિવારે વહીવટી તંત્રનાં આ નિર્ણયને આવકારતા જણાવ્યું છે કે, લાંબા સમયથી ન્યાયની રાહ જોતા પરિવારે અનેક સ્તરે રજૂઆતો કરી હતી. હવે તંત્ર દ્વારા સમયબદ્ધ કાર્યવાહી શરૂ થતાં આશા જાગી છે કે, પરિવારને પોતાના હકની જમીનનો કબજો મળશે.

પરિવાર અને સમાજનાં આગેવાનો દ્વારા માંગ કરવામાં આવી છે કે, સમગ્ર કાર્યવાહી પારદર્શક રીતે અને ઝડપથી પૂર્ણ કરવામાં આવે, જેથી અત્યાચાર પીડિત પરિવારને બંધારણીય અને કાનૂની હક સમયસર મળી શકે.

### ગેરકાયદેસર ખનન અટકાવવા જતાં યુવક સહિતનાં આગેવાનો પર હુમલો

# અમરેલીનાં મોટા આંકડીયા ગામે જમીનમાંથી માટી સહિતના ખનિજ ઉપાડવા બાબતે ટોળાએ યુવક સહિતનાં આગેવાનો પર કર્યો હુમલો

### યુવક ઉપર છરી વડે હુમલો કરી માથાનાં ભાગે ગંભીર ઈજા કરતાં ફરિયાદ

અમરેલી, તા. ૨૭

અમરેલી તાલુકાના મોટા આંકડીયાના ગામે સર્વે નં. ૩ની આશરે ૭૯ હેકટર જેટલી ખેતીની જમીન ૯૦ વર્ષના પટ્ટે મોટા આંકડીયા અનુ.જાતી ખેત સહકારી સામુદાયીક મંડળીને ફાળ વેલ હોય તેમજ તે ગામનાં રેવન્યુ અન્ય અનુ.જાતીના ૨૧ લોકોને ૧ વર્ષ તથા ૫ વર્ષના પટ્ટે સરકાર દ્વારા જમીન વાવવા આપેલ હતી જે ઘનશ્યામભાઈ ઠુંમર, રાજુભાઈ બાવીસી, ભરતભાઈ ઉર્ફે શંકર બાવીસી, રમેશભાઈ ભાવીસી, ધર્મેશભાઈ જગાભાઈ કાકડીયા, ઘનશ્યામભાઈ ભીમજીભાઈ બાવીસી, ઘુડાભાઈ ભીમજીભાઈ બાવીસી, જયસુખભાઈ ધીરૂભાઈ બાવીસી, રાજુભાઈ કુંભાણી, નિલેશભાઈ કરકર સહિતના લોકોને ગમતુ ના હોય તેથી ષડયંત્રના ભાગરૂપે ના.કા.ઈ. નાની સીંચાઈ પેટા વિભાગ અમરેલી પાસેથી સર્વે નંબરના ઉલ્લેખ વિનાનો તથા ક્ષેત્રફળ નકકી કર્યા સિવાય બોગસ હુકમને આધાર બનાવી અનુ.જાતીના ૪૦ વ્યકિતઓ ૭૦ વર્ષથી જે જમીનમાં ખેતી કરે છે તે જમીનમાંથી ગત તા. ૧૭થી ગેરકાયદેસર માટી તથા ખનીજ ઉપાડવાનું કામ શરૂ કરતા હોય જેથી ચિત્તલ ગામે મોણપુર રોડ ઉપર રહેતા નરેશભાઈ ભીખાભાઈ વાળા નામના યુવક સહિતના આ બાબતે સરકારમાં રજુઆત કરતા અને સરકારી માણસો માણસોનું લાકડી, લોખંડના પાઈપો, છરી જેવા હથીયારો સાથે ટોળુ ભેગુ કરી તે ટોળાને આરોપીઓએ ઉશ્કેરી યુવક તથા સમાજના આગેવાનો તથા મોટા આંકડીયા ગામના અનુ.જાતી સમાજના માણસો ઉપર હીચરાકો હુમલો કરી યુવકને મારી નાખવાના ઈરાદે માથાના ભાગે છરીનો એક ઘા મારી જીવલેણ હુમલો કરી માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી હતી. તેમ અનુ.જાતીના માણસોને દોડાવીને ગાળો આપી, શરીરે લાકડી, પાઈપ જેવા હથીયારો વડે માર મારી જ્ઞાતી પ્રત્યે હડધુત કરી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

### યુવા નેતૃત્વને મળ્યો મજબુત આવકાર

# બાબરા : તાલુકા પંચાયતનાં નવનિયુકત પ્રમુખનુ પાલિકાનાં પૂર્વ પ્રમુખે સન્માન કર્યુ

### સમગ્ર તાલુકા વિસ્તારનો વિકાસ થશે તેવો આશાવાદ દર્શાવ્યો

બાબરા, તા. ૨૭

બાબરા તાલુકા પંચાયતના નવ નિયુકત યુવા પ્રમુખ તુષારભાઈ રામાણી બાબરા ખાતે નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને સ્થાનિક ભાજપ અગ્રણી પ્રવિણભાઈ કરકરની શુભેચ્છા મુલાકાતે પહોંચતા રાજકીય અને સામાજિક વર્તુળોમાં ઉત્સાહનો માહોલ સર્જાયો હતો. યુવા નેતૃત્વને પ્રોત્સાહન આપતા સ્થાનિક આગેવાનો દ્વારા તુષારભાઈનું ઉષ્માભર્યુ સ્વાગત કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

થોડા દિવસો અગાઉ જિલ્લા ભાજપ દ્વારા કોટડાપીઠા તાલુકા પંચાયત બેઠકના યુવા, શિક્ષિત અને સક્રિય સભ્ય તુષારભાઈ રામાણીની બાબરા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવતા સમગ્ર તાલુકામાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. ખાસ કરીને લેઉવા પટેલ સમાજ સહિત ભાજપના કાર્યકરો અને સ્થાનિક રાજકીય આગેવાનોમાં આ નિયુકિત અંગે ઉત્સાહ અને ગૌરવની લાગણી વ્યકત થઈ રહી છે.

આ પ્રસંગે બાબરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શોરૂમ ખાતે યોજાયેલ શુભેચ્છા મુલાકાત દરમિયાન અનિભાઈ મકવાણા અને લલિતભાઈ વેકરિયા સહિતના આગેવાનો દ્વારા તુષારભાઈ રામાણીનું પુસ્તક અર્પણ કરી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ તેમના કાર્યકાળ દરમિયાન તાલુકાના વિકાસને નવી દિશા મળે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

નગરપાલિકા પૂર્વ પ્રમુખ દ્વારા જણાવ્યુંહતું કે ભાજપ દ્વારા યુવા અને શિક્ષિત ચહેરાને તાલુકા પંચાયતના નેતૃત્વમાં સ્થાન આપતા સંગઠન વધુ મજબૂત બનશે અને ગ્રામ્ય વિસ્તારોના વિકાસકાર્યોને નવી ગતિ મળશે. તેઓના નેતૃત્વ હેઠળ તાલુકામાં વિકાસલક્ષી અને લોક કેન્દ્રિત નિર્ણયો લેવામાં આવશે તેવી આશા કાર્યકરોમાં વ્યકત થઈ રહી છે.

### મૃતક પરિવારનાં પિતાએ આગેવાનોની સાથે રેન્જ આઈ.જી. સમક્ષ રજુઆત કરી

# ગોપાલગ્રામના અનુ.જાતિ યુવકનાં કથિત મોત કેસમાં નવો વળાંક : મૃતદેહનુ રી–પોસ્ટમોર્ટમ કરવા માંગ

### ૫ તબીબોની પેનલ અને વિડીયોગ્રાફી સાથે પી.એમ. કરવાની માંગ

અમરેલી, તા. ૨૭

અમરેલીના ગોપાલગ્રામના અનુસૂચિત જાતિના યુવાન મહેશ પ્રેમજીભાઈ રાઠોડ પર ગત તારીખ ૧૭/૪/૨૦૨૬ના રોજ થયેલા ઘાતકી અને જાતિવાદી હુમલા બાદ નીપજેલા તેના શંકાસ્પદ મોતના મામલે કાનૂની લડત વધુ આક્રમક બની છે. સ્થાનિક કક્ષાએ ગુનાને અને તબીબી અહેવાલોને કથિત રીતે નબળા પાડવાના પ્રયાસો સામે મૃતકના પિતા પ્રેમજીભાઈ રાઠોડે દલિત સમાજના અગ્રણીઓ સાથે મળીને ભાવનગર રેન્જ આઈ.જી. આર.વી. અસારીને રૂબરૂ મળીને એક અત્યંત મહત્વનું આવેદનપત્ર સુપ્રત કર્યું છે. આ જ પ્રકારની રજૂઆત રાજયના ડીજીપી (DGP) ગાંધીનગર, કલેકટર અને એસ.પી. અમરેલીને પણ કરવામાં આવી છે.

**શું છે મુખ્ય વિવાદ? (મોતનું કારણ શંકાના દાયરામાં)**

અરજીમાં જણાવ્યા અનુસાર, ૧૭ એપ્રિલે અમરેલી સિવિલ હોસ્પિટલ નજીક નજીવી બાબતે થયેલા હુમલા બાદ સારવાર દરમિયાન ૨૦ એપ્રિલે મહેશનું મોત નીપજયું હતું. સ્થાનિક તબીબી અહેવાલમાં મૃત્યુનું પ્રાથમિક કારણ "Cardiac Pathology" (હૃદય સંબંધિત જટિલતા) દર્શાવીને તેને 'કુદરતી મોત'માં ખપાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

પરંતુ પીડિત પરિવારનો મજબૂત દાવો છે કે, મૃતક યુવાન હતો અને તેને હૃદયની કોઈ બીમારી નહોતી. આરોપીઓએ કરેલા બેરહેમીપૂર્વકના ઢોરમાર (Blunt Trauma/ Internal Injuries) અને તેના કારણે લાગેલા અતિશય શારીરિક– માનસિક આઘાત (Neurogenic Shock)ને લીધે જ તેનું હૃદય બંધ પડ્યું હતું, જે કાયદાની દ્રષ્ટિએ સીધી જ હત્યા છે.

#### આવેદનપત્રના મુખ્ય મુદ્દાઓ અને તીવ્ર માંગણીઓ

BNSS કલમ ૧૯૬ હેઠળ શવ બહાર કાઢવાની માંગ : ન્યાયના હિતમાં, ગોપાલગ્રામ ખાતે દફનાવવામાં આવેલા (જમીનસ્થ કરાયેલા) મહેશભાઈના શવને (Dead Body) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૧૯૬ (અગાઉની Crpc કલમ ૧૭૬) હેઠળ કાયદાકીય પ્રક્રિયા કરીને પુનઃ બહાર કાઢવામાં આવે.

જામનગર ખાતે ફોરેન્સિક રી–પી.એમ. (Forensic Re-PM) : અમરેલીના સ્થાનિક વહીવટીતંત્ર પર અવિાસ વ્યકત કરી, શવનું જામનગરની પ્રખ્યાત એમ.પી. શાહ મેડિકલ કોલેજના પાંચ નિષ્ણાત પેનલ ડોકટરો દ્વારા ફરીથી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અને FSL કેમિકલ એનાલિસિસ કરવામાં આવે.

સમગ્ર પ્રક્રિયાની વીડિયોગ્રાફી : પુરાવાઓ સાથે કોઈ છેડછાડ ન થાય તે માટે શવને બહાર કાઢવાથી લઈને પુનઃ પોસ્ટમોર્ટમ સુધીની તમામ પ્રક્રિયાની સંપૂર્ણ વીડિયોગ્રાફી સરકારી દેખરેખ હેઠળ કરવામાં આવે.

સ્વતંત્ર સ્ટેટ મેડિકલ બોર્ડની રચના: શાંતાબાહોસ્પિટલના તમામ 'ઈન્ડોર પેશન્ટ મેડિકલ પેપર્સ', ઈન્કવેસ્ટ પંચનામું અને હિસ્ટોપેથોલોજી રિપોર્ટની ઝીણવટભરી સમીક્ષા કરવા માટે એક સ્વતંત્ર સ્ટેટ મેડિકલ બોર્ડની રચના કરી મોતનું સાચું કારણ જાહેર કરાય.

#### અરજદાર પ્રેમજીભાઈ રાઠોડ (પીડિત પિતા)ના શબ્દો

"પોલીસ અને પ્રભાવ શાળી આરોપીઓની મિલીભગતથી મારા દીકરાની ઘાતકી હત્યાને સામાન્ય હાર્ટ એટેક બતાવવાનો ઘૃણાસ્પદ પ્રયાસ થઈ રહ્યો છે. જો અમને ન્યાય નહીં મળે, તો સામાન્ય જનતાનો કાયદા પરથી વિાસ ઉઠી જશે. અમે આઈ.જી.ને વિનંતી કરી છે કે દફનાવેલી લાશ બહાર કાઢીને પણ દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવામાં આવે."

સમાજના અગ્રણીઓએ ચીમકી આપી છે કે જો તટસ્થ તપાસ માટે ત્વરિત પગલાં ભરીને કલમ ૧૦૩(૧) (હત્યા)નો ઉમેરો અને રી–પોસ્ટમોર્ટમના આદેશો કરવામાં નહીં આવે, તો સમગ્ર ગુજરાતમાં દલિત સમાજ દ્વારા ન્યાય મેળવવા માટે બંધારણીય માર્ગે આંદોલન છેડવામાં આવશે.

### "ડીઝલ બચત" અભિયાન અંતર્ગત

# અમરેલી એસ.ટી. ડેપોમાં ઓપન હાઉસ યોજાયું

### કર્મચારીઓએ સુચનો રજુ કર્યા



અમરેલી, તા. ૨૭

અમરેલી એસટી ડેપો ખાતે "ડીઝલ બચત" અને ઈંધણના કાર્યક્ષમ ઉપયોગ અંગે જાગૃતિ લાવવા માટે વિભાગીય પરિવહન અધિકારી, વિભાગીય યાંત્રિક ઈજનેર તથા ડેપો મેનેજરની ઉપસ્થિતિમાં ડ્રાઈવર, કંડકટર અને મેકેનિક સાથે વિશેષ ઓપન હાઉસ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન વધતા ઈંધણ ખર્ચ અને રાષ્ટ્રવ્યાપી ઊર્જા સંરક્ષણના મુદ્દાને ધ્યાનમાં રાખીને કર્મચારીઓને ડીઝલ બચત માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અધિકારીઓએ વાહન ચલાવતી વખતે અનાવશ્યક એક્સિલરેશન ટાળવું, સમયસર વાહનોનું મેન્ટેનન્સ કરવું, ટાયર પ્રેશર યોગ્ય રાખવું તેમજ વાહન બંધ રાખવાની શિસ્તનું પાલન કરવા જેવી બાબતો પર ખાસ ભાર મૂકયો હતો. ઉપરાંત એસટી બસોની માઈલેજ સુધારવા માટે ડ્રાઈવર અને મેકેનિક વચ્ચે સંકલન જરૂરી હોવાનું પણ જણાવાયું હતું.

ઓપન હાઉસ દરમિયાન કર્મચારીઓએ પણ પોતાના સૂચનો અને અનુભવો રજૂ કર્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ડીઝલ બચત માત્ર ખર્ચ ઘટાડવાનો વિષય નથી, પરંતુ દેશના ઊર્જા સંસાધનોના સંરક્ષણ સાથે સીધો સંબંધ ધરાવે છે. તમામ કર્મચારીઓને રાષ્ટ્રહિતમાં સક્રિય સહભાગી બની ઈંધણ બચત અભિયાનને સફળ બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૧૦, પહેલા માળે, ફિરદાબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૩૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી

## અનેક કર્મચારીઓ ઘેરહાજર હોવા સહિતની ફરિયાદને લઈને

# અમરેલી પાલિકામાં પ્રમુખનાં આકસ્મિક ચેકિંગથી કર્મચારીઓમાં ફફડાટ

**જે-તે શાખાનાં હાજર કર્મચારીઓને જનતાનાં કામોનો ઝડપથી નિકાલ કરવાની સુચના આપી**

**ફરજ પર નિયત સમયે હાજર થવા અને જવાબદારીપૂર્વક કામગીરી કરવાની સુચના આપી**

**ગેરહાજર રહેલ કર્મચારીઓની યાદી તૈયાર કરી નિયમ મુજબ કાર્યવાહી કરવાની સુચના આપી**

**પાલિકાનાં કારોબારી ચેરમેન, ઉપપ્રમુખ સહિતનાં પદાધિકારીઓ સાથે જોડાયા**



અમરેલી, તા. ૨૭

અમરેલી નગરપાલિકાના નવનિયુકત પ્રમુખએ કાર્યભાર સંભાળ્યા બાદ પાલિકાના વહીવટી તંત્રમાં શિસ્ત અને પારદર્શિતા લાવવા કડક વલણ અપનાવ્યું છે. આજે પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયા, ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ, કારોબારી ચેરમેન મૌલિકભાઈ ઉપાધ્યાય સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓએ નગરપાલિકા કચેરીની સરપ્રાઈઝ વિઝીટ લઈ વિવિધ શાખાઓનું નિરીક્ષણ કર્યું હતું. તપાસ દરમિયાન કેટલાક કર્મચારીઓ ફરજ પર ગેરહાજર હોવાનું તેમજ કામગીરીમાં બેદરકારી જોવા મળતા પ્રમુખે કડક નારાજગી વ્યકત કરી હતી. સાથે જ તમામ કર્મચારીઓને સમયપાલન અને જવાબદારીપૂર્વક કામગીરી કરવાની સૂચનાઓ આપવામાં આવી હતી. પ્રમુખે જણાવ્યું હતું કે, નગરપાલિકા પ્રજાની સેવા માટેની સંસ્થા છે અને નાગરિકોના કામમાં કોઈપણ પ્રકારની બેદરકારી કે વિલંબ સહન કરવામાં આવશે નહીં. ફરજ દરમિયાન ગેરહાજર રહેલા કર્મચારીઓની યાદી તૈયાર કરી નિયમ મુજબ કાર્યવાહી કરવા પણ સૂચના આપવામાં આવી હતી.

આ ઉપરાંત પાલિકામાં આવતા નાગરિકોને સમયસર અને સરળતાથી સેવા મળે તે માટે તમામ વિભાગોને વધુ જવાબદારીપૂર્વક કાર્ય કરવાની તાકીદ કરવામાં આવી હતી. પ્રમુખે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, આગામી સમયમાં પણ આવી ઓચિંતી તપાસો ચાલુ રહેશે અને ફરજમાં કચાશ રાખનાર સામે કડક પગલાં લેવામાં આવશે. નગરપાલિકા પ્રમુખ અને પદાધિકારીઓની આ સરપ્રાઈઝ વિઝીટથી પાલિકા કર્મચારીઓમાં ભારે ફફડાટ ફેલાયો હતો અને વહીવટી તંત્રમાં શિસ્ત લાવવાની કામગીરી વધુ તેજ બની હોવાનું જોવા મળ્યું હતું.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦




WALK IN INTERVIEW
જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઇએ છે
GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
(WHATS APP BUSINESS, TWEETER, INSTA, TELEGRAM, FACEBOOK, YOU-TUBE)
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY – MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL
B.Com., Microsoft Office, Tally, English Language, EPFO No., UAN No.
SALARY : Rs. 40 / Hour (Starting) + EPF
TIME : MONDAY to SATURDAY 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM
MAHAJAN TELNET LLP.
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
95 86 86 86 45















### રાશન આપનારા ડીલરો અને લાભાર્થીઓ અંગે કેન્દ્ર સરકારનો નિર્ણય

# પીડીએસ લાભાર્થીઓની નોંધણી હવે એઆઈનો ઉપયોગ કરીને કરવામાં આવશે

## "સાર્થક-PDS" યોજના પર આશરે રૂ.૨૫,૫૩૦ કરોડ ખર્ચ કરાશે : લાંબા સમયની માંગણીઓ વચ્ચે રાશન ડીલરોના કમિશનમાં વધારો કરાશે

નવી દિલ્હી, તા.૨૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો. આ નિર્ણયની સીધી અસર રાશન મેળવતા ૮૦ કરોડ લોકોને થશે. સરકારે રાશન પ્રણાલી (PDS - જાહેર વિતરણ વ્યવસ્થા) અંગે એક મોટો નિર્ણય લીધો છે. આ હેતુ માટે "સાર્થક-PDS" યોજના શરૂ કરવામાં આવી છે. આ સમગ્ર યોજના પર આશરે રૂ.૨૫,૫૩૦ કરોડ ખર્ચ કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક બાદ અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે દેશના ૮૦ કરોડ લોકોને રાશન પૂરું પાડવાનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. આ સાર્થક પીડીએસ યોજનામાં ત્રણ ફેરફારો કરવામાં આવ્યા છે. આમાં રાજ્ય સરકારોને સહાય, ટેકનોલોજીનો ઉપયોગ અને પીડીએસ લાભાર્થીઓની નોંધણી હવે એઆઈનો ઉપયોગ કરીને કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, "રાજ્ય સરકારોને મોટા ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI) ના વેરહાઉસમાંથી અનાજને વ્યક્તિગત જિલ્લાઓ, બ્લોક અને અંતે રાશનની દુકાનોમાં પહોંચાડવામાં નાણાકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. હવે કેન્દ્ર સરકાર રાજ્યોને નાણાકીય સહાય પૂરી પાડશે. બીજો ફેરફાર એ છે કે રાશન ડીલરોના કમિશનમાં વધારો કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, "લાંબા સમયથી રાશન ડીલરોના કમિશનમાં વધારો કરવામાં આવ્યો ન હતો. ડીલરોના કમિશનમાં વધારો કરવાની સતત માંગણીઓ કરવામાં આવી રહી હતી. આજે, સરકારે આ માંગણી સ્વીકારી છે અને તેમનું કમિશન વધારવાનો નિર્ણય લીધો છે." ત્રીજો અને અંતિમ ફેરફાર એ છે કે સમગ્ર રાશન સિસ્ટમને વધુ આધુનિક અને પારદર્શક બનાવવા માટે નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, "સરકાર આ વિશાળ બજેટમાંથી રાશન વિતરણનો ખર્ચ ઉઠાવશે. તેનાથી દુકાનદારોની આવક વધશે અને સમગ્ર સિસ્ટમ ડિજિટલ અને આધુનિક બનશે." કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, "હાલની ગરમીની પરિસ્થિતિ અંગે તમામ મંત્રીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. પ્રધાનમંત્રીના રાષ્ટ્રના નામ સંદેશને પહોંચાડવા માટે અનેક ટ્વીટ કરવામાં આવ્યા હતા. તે સંદેશના જવાબમાં દરેક મંત્રાલય અને વિભાગ પોતપોતાના અધિકારક્ષેત્રમાં લઈ શકે તેવા ચોક્કસ પગલાંઓની ચર્ચા કરવામાં આવી હતી." આ ઉપરાંત બેઠકમાં દેશના કેટલાક રાજ્યોમાં પડી રહેલી લૂની પણ ચર્ચા કરવામાં આવી છે. અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, દેશના કેટલાક રાજ્યોમાં લૂની વર્તમાન સ્થિતિ અંગે તમામ મંત્રીઓ સાથે ચર્ચા કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના નાગરિકોને મેસેજ પહોંચાડવા માટે અનેક ટ્વિટ પણ કર્યા છે. તેમના મેસેજે અંગે બેઠકમાં લૂની સમસ્યા નિવારવા ખાસ પગલા ભરવા પર ચર્ચા કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, 'અસહ્ય ગરમી અને લૂ દરમિયાન નાગરિકોને રાહત આપવા અને તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવાના ઉપાયો પર ચર્ચા કરવામાં આવી છે. આ માટે ખાસ સુવિધા અને ઉપાયો પર ધ્યાન અપાયું છે અને તેને આરોગ્ય મંત્રાલય, જળ સંશાધન ક્ષેત્ર સહિત સંબંધીત વિભાગો દ્વારા લાગુ કરવામાં આવી શકે છે. વડાપ્રધાને સ્પષ્ટ કહ્યું કે, જ્યારે આવા મોટા પડકારોનો સામનો કરવો હોય તો આપણે આખા દેશની રાષ્ટ્ર ભાવના સાથે આગળ વધવું જોઈએ.

### દિગ્ગજ નેતાના દાવાથી રાજકીય ગરમાવો

# તૃણમૂલના ૨૦ સાંસદ અને ૫૦ ધારાસભ્ય પક્ષપલટાની તૈયારીમાં

## મમતા બેનરજીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસ હવે પોતાના જ નેતાઓના આંતરિક અસંતોષનો સામનો કરી રહી છે

કોલકાતા, તા.૨૭

પશ્ચિમ બંગાળ ચૂંટણીમાં મળેલી કારમી હાર બાદ મમતા બેનરજીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસ (તૃણમૂલ) હવે પોતાના જ નેતાઓના આંતરિક અસંતોષનો સામનો કરી રહી છે. આ દરમિયાન ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને બાંકુડાના સાંસદ સૌમિત્ર ખાને એક એવો દાવો કર્યો છે, જેનાથી બંગાળના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. સૌમિત્ર ખાને દાવો કર્યો છે કે, તૃણમૂલના આશરે ૫૦ ધારાસભ્યો અને ૨૦ સાંસદો પોતાની પાર્ટીથી નારાજ છે અને ભાજપમાં આવવા માટે તૈયાર બેઠા છે. સૌમિત્ર ખાને જણાવ્યું કે, આ તમામ નેતાઓ ભાજપના હાઈકમાન્ડના સંપર્કમાં છે. તેમણે આક્રમક અંદાજમાં કહ્યું, "જો ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ એકવાર લીલી ઝંડી આપી દે, તો બંગાળમાં તૃણમૂલ નામની કોઈ પાર્ટી જ નહીં બચે. દરેક વ્યક્તિ ભાજપમાં જોડાવા માટે તૈયાર છે.

સાંસદ સૌમિત્ર ખાને તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક બેનરજી પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમને પાપી ગણાવતા ખાને કહ્યું કે, "પાપીઓએ જેલમાં જવું જ પડે છે અને તેમને તાત્કાલિક પરિણામ ભોગવવા પડે છે. વર્ષ ૨૦૨૧ માં અભિષેક બેનરજીએ ભાજપના કાર્યકરોના ઘર તોડાવ્યા હતા, પરંતુ આજે તેના જ ઘરની સામે બુલડોઝર ઊભું છે. આવા લોકોને નરકમાં જવું જોઈએ."

ભાજપના સાંસદનો આ દાવો એવા સમયે આવ્યો છે જ્યારે બંગાળમાં તૃણમૂલ પોતાના જ નેતાઓની નારાજગીથી ઝઝૂમી રહી છે. એક દિવસ પહેલા જ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીની વહીવટી બેઠકમાં બારાસાતના (બારાપોર) તૃણમૂલ સાંસદ કાકોલી ઘોષ દસ્તીદાર અને તૃણમૂલના ૬ ધારાસભ્યો પહોંચ્યા હતા. કાકોલી ઘોષને તાજેતરમાં જ તૃણમૂલ એ લોકસભામાં ચીફ વ્હીપના પદેથી હટાવી દીધા હતા, ત્યારબાદ કેન્દ્ર સરકારે તેમને તાત્કાલિક 'Y' કેટેગરીની સુરક્ષા આપી દીધી હતી. આ ઘટનાક્રમ બાદથી જ તેઓ પક્ષપલટો કરશે તેવી અટકળો તેજ થઈ ગઈ છે.

બંગાળમાં લોકસભાની કુલ ૪૨ બેઠકો છે. ૨૦૨૪ની ચૂંટણીમાં તૃણમૂલ ને ૨૯ અને ભાજપને ૧૨ બેઠકો મળી હતી (જ્યારે કોંગ્રેસને ૧ બેઠક મળી હતી). જો સૌમિત્ર ખાનનો ૨૦ સાંસદોનો દાવો સાચો પડે, તો કાનૂની રીતે સાંસદોનું સભ્યપદ બચી શકે છે. પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ અયોગ્યતાથી બચવા માટે સંસદીય પક્ષના ઓછામાં ઓછા બે-તૃતીયાંશ સભ્યો પક્ષ છોડે તે જરૂરી છે. તૃણમૂલ ના ૨૯ સાંસદોમાંથી ૨૦ સાંસદો પક્ષ છોડે તો તેમની સામે કાયદાકીય આંચકો નહીં આવે.

બીજી તરફ, તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ સૌગત રોયે સૌમિત્ર ખાનના આ તમામ દાવાઓને સદંતર ખોટા ગણાવ્યા છે. સૌગત રોયે કહ્યું કે, "આ વાત સંપૂર્ણપણે ખોટી છે. સૌમિત્ર ખાન અને ભાજપ માત્ર અફવાઓ ફેલાવી રહ્યા છે. બંગાળમાં આવું કશું જ થવાનું નથી. જો કે, છેલ્લા કેટલાક દિવસોમાં તૃણમૂલ ના અનેક સાંસદો, ધારાસભ્યો અને સ્થાનિક નેતાઓએ જાહેરમાં પોતાની નારાજગી વ્યક્ત કરી હોવાથી બંગાળમાં ઓલ ઈઝ નોટ વેલ હોવાના સંકેતો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

### બપોરના તીવ્ર તડકામાં બહાર ન નીકળવા મોદીની સલાહ

# પોતાને હાઈડ્રેડ રાખો; કોઈ તરસ્યાને જરૂર પીવડાવો પાણી

## ઘરની બહાર નીકળતી વખતે પાણી સાથે રાખો : વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૨૭

દેશના ઘણા ભાગોમાં વધતી જતી તીવ્ર ગરમી અને હીટવેવ ચાલુ છે. કેટલીક જગ્યાએ તાપમાન ૪૬ થી ૪૭ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. ગરમી આપણા સ્વાસ્થ્ય પર સીધી અસર કરે છે અને ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓનું જોખમ વધી શકે છે. ગરમીને ધ્યાનમાં રાખીને, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને સતર્ક રહેવા અને સાવચેતી રાખવા અપીલ કરી છે. તેમણે આ ગરમીમાં દરેકને પુષ્કળ પાણી પીવા અને હાઈડ્રેટેડ રહેવા વિનંતી કરી. તેમણે લોકોને, દાદા-દાદી નાના-નાની જેવા વૃદ્ધોની સંભાળ રાખવા પણ વિનંતી કરી.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ X પર લખ્યું, "દેશના વિવિધ ભાગોમાં તાપમાન સતત વધી રહ્યું છે, અને તેની સાથે, ગરમીને કારણે રોજિંદા જીવનમાં ઘણી મુશ્કેલીઓ પણ વધી રહી છે. હું મારા બધા દેશવાસીઓને શક્ય તેટલી સાવચેતી રાખવા વિનંતી કરું છું. કૃપા કરીને તમારી જાતને હાઈડ્રેટેડ રાખો, અને ઘરની બહાર નીકળતી વખતે પાણી સાથે રાખો. જો શક્ય હોય તો, તરસ્યા વ્યક્તિને એક ગ્લાસ પાણી આપો. હું એવા લોકોની પણ પ્રશંસા કરવા માંગુ છું જેઓ તેમના ઘરો અને દુકાનોની બહાર માટલામાં પાણી રાખે છે, જેથી કોઈપણ તેમાંથી પી શકે."તેમણે બીજા ટ્વીટમાં લખ્યું, "જ્યારે પણ શક્ય હોય, ત્યારે તમારા માતા-પિતા, દાદા-દાદી અને અન્ય પ્રિયજનોને ફોન કરીને તેમની તબિયત પૂછો. તેમને પુષ્કળ પાણી પીવા, બપોરના તડકામાં બહાર જવાનું ટાળવા અને શક્ય તેટલો આરામ કરવાની સલાહ આપો. આ તીવ્ર ગરમીમાં, આપણે આપણી આસપાસના પ્રાણીઓ અને પક્ષીઓને પણ ભૂલવું ન જોઈએ. તમારા ઘર, બાલ્કની, ટેરેસ, દુકાન અથવા ઓફિસની બહાર પાણીનો એક નાનો જગ રાખવો, જે તરસ્યા પક્ષી માટે જીવન બચાવનાર બની શકે છે. ચાલો આ મુશ્કેલ દિવસોમાં અત્યંત સંવેદનશીલતા અને કરુણા સાથે એકબીજાની સંભાળ રાખીએ." આરોગ્ય નિષ્ણાતોના મતે, ઉનાળામાં શરીરનું તાપમાન જાળવવા માટે હાઈડ્રેશન ખૂબ જ જરૂરી છે, કારણ કે સૂર્યપ્રકાશ અને પરસેવાના કારણે શરીરમાં પાણી અને આવશ્યક ઈલેક્ટ્રોલાઈટ્સનો ઝડપથી ઘટાડો થઈ જાય છે. સમયસર પૂરતા પ્રમાણમાં પાણી ન પીવાથી ડિહાઈડ્રેશન થઈ શકે છે, જે નબળાઈ, ચક્કર, માથાનો દુખાવો, થાક અને હીટ સ્ટ્રોકનું જોખમ પણ વધારી શકે છે. યોગ્ય હાઈડ્રેશન શરીરના અવયવોને યોગ્ય રીતે કાર્ય કરવામાં મદદ કરે છે, પાચનમાં સુધારો કરે છે અને સ્વસ્થ ત્વચા જાળવી રાખે છે. તેથી, ઉનાળામાં વારંવાર પાણી પીવું અને લીંબુ પાણી અને નાળિયેર પાણી જેવા પ્રવાહીનું સેવન કરવું શરીરને ઠંડુ અને સુરક્ષિત રાખવા માટે ખૂબ જ જરૂરી છે.

# વાયદા બજારમાં કડાકો, ચાંદી એક ઝાટકે ૪૦૦૦ રૂપિયા સસ્તી

## ચાંદીનો ભાવ એક તબક્કે ઉછળીને રૂ. ૨,૭૨,૬૨૮ પ્રતિ કિલો પર પહોંચ્યા બાદ ગગડીને રૂ. ૨,૬૬,૨૦૦ પર આવી ગયો

નવી દિલ્હી, તા.૨૭

સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાનો સિલસિલો યથાવત રહ્યો છે. મંગળવારે રેડ ઝોનમાં બંધ થયા બાદ, બુધવારે માર્કેટ ઓપનિંગની સાથે જ કિંમતી ધાતુઓના ભાવ પત્તાના મહેલની જેમ તૂટ્યા હતા. MCX (મલ્ટી કોમોડિટી એક્સચેન્જ) પર ચાંદીનો ભાવ એક તબક્કે ઉછળીને રૂ. ૨,૭૨,૬૨૮ પ્રતિ કિલો પર પહોંચ્યા બાદ અચાનક ગગડીને રૂ. ૨,૬૬,૨૦૦ પર આવી ગયો હતો. આમ, એક જ ઝાટકે ચાંદીના ભાવમાં રૂ. ૪,૪૨૮ પ્રતિ કિલોનો જંગી ઘટાડો નોંધાયો છે. ચાલુ સપ્તાહના માત્ર ૩ દિવસમાં જ ચાંદી રૂ. ૫,૬૪૬ જેટલી સસ્તી થઈ ચૂકી છે. જાન્યુઆરીના તેના ઓલ-ટાઈમ હાઈ લેવલ રૂ. ૪,૫૭,૩૨૮ ની સરખામણીએ ચાંદી અત્યાર સુધીમાં રૂ. ૧,૯૧,૧૨૮ પ્રતિ કિલો સસ્તી થઈ ગઈ છે. ચાંદીની સાથે સાથે સોનાના ભાવમાં પણ નરમાઈ જોવા મળી છે. MCX પર સોનું તેના અગાઉના બંધ ભાવ રૂ. ૧,૫૭,૬૧૬ પ્રતિ ૧૦ ગ્રામથી ઘટીને બુધવારે રૂ. ૧,૫૬,૯૫૩ પર આવી ગયું હતું. એટલે કે ૨૪ કેરેટ સોનાના ભાવમાં રૂ. ૬૦૦થી વધુનો ઘટાડો નોંધાયો છે. ૫ જૂનની એક્સપાયરી વાળું વાયદા સોનું તેના હાઈ લેવલ રૂ. ૨,૦૨,૯૮૪ થી અત્યાર સુધીમાં રૂ. ૪૬,૦૩૧ જેટલું નીચે આવી ગયું છે. ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન (IBJA) ની વેબસાઈટ મુજબ, ઘરેલું બજારમાં ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો રેટ રૂ. ૧,૫૭,૬૧૧ થી ઘટીને રૂ. ૧,૫૭,૦૪૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ખૂલ્યો હતો. જ્યારે દિલ્હીના હાજર બજારમાં ચાંદી મંગળવારના બંધ ભાવ રૂ. ૨,૬૬,૨૧૩ ની સરખામણીએ રૂ. ૪,૫૦૩ તૂટીને રૂ. ૨,૬૧,૭૧૦ પ્રતિ કિલો પર ખૂલી હતી.

બજારના નિષ્ણાતોના મતે સોના-ચાંદીના ભાવમાં આ મોટા ઘટાડા પાછળ મુખ્યત્વે વૈશ્વિક ભૌગોલિક-રાજકીય (Geo-political) તણાવ જવાબદાર છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલી તકરાર અને ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીઓને કારણે હોર્મુઝની ખાડી પર ચિંતા વધી છે. આ વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે અમેરિકી ડોલર વધુ મજબૂત થઈ રહ્યો છે, જેના લીધે સોના અને ચાંદી પર દબાણ વધ્યું છે. આ ઉપરાંત લાંબા સમયથી ચાલી રહેલી તેજી બાદ હવે મોટા રોકાણકારો બજારમાંથી નફો વસૂલ (Profit Bokoing) કરી રહ્યા હોવાથી કિંમતોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.

### સુપ્રીમ કોર્ટે તમામ અરજી ફગાવીને આપ્યો ચુકાદો

# SIR પ્રક્રિયા હાથ ધરવી ચૂંટણી પંચને અધિકાર

## દેશમાં મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ કરાવવા માટે એક સચોટ મતદાર યાદી તૈયાર કરવી તેની પ્રાથમિક જવાબદારી છે

નવી દિલ્હી, તા.૨૭

મતદાર યાદીના વિશેષ અને ગહન પુનઃનિરીક્ષણ કાર્યને લઈને સુપ્રીમ કોર્ટે આજે મહત્ત્વનો ચુકાદો સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે, ભારત સરકારના ચૂંટણી પંચ (ECI) પાસે SIR પ્રક્રિયા હાથ ધરવાનો સંપૂર્ણ કાનૂની અધિકાર છે. મતદાર યાદીનું વિશેષ ગહન પુનઃનિરીક્ષણ બંધારણીય અને માન્ય છે. ચૂંટણી પંચ પાસે મતદાર યાદી નિષ્પક્ષ અને શુદ્ધ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. કોર્ટે આ પ્રક્રિયાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરતાં ચૂંટણી પંચના પક્ષમાં ચુકાદો આપ્યો છે.સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે બુધવારે આ ચુકાદો સંભળાવ્યો હતો. આ બાબતે કોર્ટે કેટલીક મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે, જે આ પ્રમાણે છે. સુપ્રીમ કોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે, ચૂંટણી પંચ એક સ્વાયત્ત બંધારણીય સંસ્થા છે. દેશમાં મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ કરાવવા માટે એક સચોટ મતદાર યાદી તૈયાર કરવી તેની પ્રાથમિક જવાબદારી છે. કોર્ટે સ્વીકાર્યું કે કોઈ વિશેષ સંજોગોનું નિર્માણ થાય ત્યારે સામાન્ય પ્રક્રિયાથી હટીને કોઈ અલગ કે વિશેષ પ્રક્રિયા અપનાવવી તે બંધારણ અથવા પ્રચલિત કાયદાની વિરુદ્ધ નથી. આથી ચૂંટણી પંચ પાસે SIR લાગુ કરવાની અને આ વિશેષ અભિયાન ચલાવવાની પૂરી સત્તા છે.બિહારમાં ચૂંટણી પંચ દ્વારા જ્યારે આ વિશેષ ઝુંબેશ શરૂ કરાઈ, ત્યારે તેને પડકારવામાં આવી હતી. અરજદારોનો દાવો હતો કે આ પ્રક્રિયા સામાન્ય સુધારા અથવા સંશોધનની પદ્ધતિ કરતાં તદન અલગ છે અને તેનાથી મતદારોના અધિકારો જોખમાઈ શકે છે. આ દલીલનો જવાબ આપતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, માત્ર એટલા જ કારણસર કોઈ પ્રક્રિયાને અલ્ટ્રા વાયર્સ (ગેરકાનૂની કે સત્તા બહારની) ગણાવીને રદ ન કરી શકાય કે તે મતદાર યાદીના સુધારાની સામાન્ય પ્રક્રિયા કરતાં થોડી જુદી છે. કોર્ટે સ્પષ્ટતા કરી કે, ચૂંટણી પંચ દ્વારા ઓળખની ખરાઈ માટે નક્કી કરાયેલા ૧૧ દસ્તાવેજોના જૂથ પર વિચારણા કર્યા બાદ અને કોર્ટના આદેશો દ્વારા તેમાં આધાર કાર્ડ નો પણ સમાવેશ કરી દેવાયા પછી, પંચ દ્વારા માંગવામાં આવેલા દસ્તાવેજો મનસ્વી કે ભેદભાવપૂર્ણ છે તેવી દલીલને બિલકુલ સ્વીકારી શકાય નહીં. આ પ્રક્રિયા કાયદેસર છે. આ મામલે વિપક્ષો અને અરજદારો દ્વારા આક્ષેપ કરાયો હતો કે ચૂંટણી પંચ દ્વારા ચલાવાઈ રહેલું આ SIR અભિયાન વાસ્તવમાં પાછલા બારણેથી દેશની નાગરિકતાની ચકાસણી કરવા જેવું છે. આ આશંકાઓ ફગાવતા સુપ્રીમ કોર્ટે ખૂબ જ મહત્ત્વની સ્પષ્ટતા કરી કે, આ વિશેષ પ્રક્રિયા અંતર્ગત જો કોઈ વ્યક્તિનું નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવે, તો તેનો અર્થ એ નથી કે તે વ્યક્તિની ભારતની નાગરિકતા જતી રહી છે.

સુપ્રીમ કોર્ટની બેન્ચે સત્તાવાર ક્ષેત્રાધિકારની મર્યાદા સ્પષ્ટ કરતા કહ્યું કે, ચૂંટણી પંચ નાગરિકતાના સવાલને માત્ર એટલા જ સીમિત અને ચોક્કસ દાયરામાં જોઈ શકે છે કે કયા વ્યક્તિનું નામ મતદાર યાદીમાં રાખવાને લાયક છે અને કોનું નથી. ચૂંટણી પંચ પાસે કોઈનું નામ મતદાર યાદીમાંથી કમી કરવાનો અધિકાર ચોક્કસ છે, પરંતુ તેના આધારે તે વ્યક્તિ ભારતનો નાગરિક રહ્યો નથી તેવું સાબિત થતું નથી. ભારતમાં કોઈની નાગરિકતા નક્કી કરવાની કાનૂની સત્તા કે કામગીરી ચૂંટણી પંચની નથી. સુપ્રીમ કોર્ટે ચુકાદામાં જણાવ્યું કે SIR કાયદેસર રીતે માન્ય છે, તેથી તે લોકપ્રતિનિધિત્વ અધિનિયમનું ઉલ્લંઘન થતું નથી.

### અમારી ફિલ્ડિંગ યોગ્ય નહોતી : શુભમન ગિલ

# શુભમન ગિલે સ્પષ્ટપણે ટીમની ખરાબ ફિલ્ડિંગને તેની હારનું મુખ્ય કારણ ગણાવ્યું

## ક્વોલિફાયર-૧માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ગુજરાત ટાઇટન્સને હરાવીને ફાઇનલમાં પોતાની ટિકિટ સુરક્ષિત કરી લીધી

નવી દિલ્હી, તા.૨૭

IPL 2026ની ક્વોલિફાયર-૧માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ગુજરાત ટાઈટન્સને હરાવીને ફાઈનલમાં પોતાની ટિકિટ સુરક્ષિત કરી લીધી છે. મેચની શરૂઆતમાં એવું લાગતું નહોતું કે ગુજરાત આટલી ખરાબ રીતે હારશે. પહેલા બેટિંગ કરતા ઈઝમ્ને વેંકટેશ ઐયરે ધમાકેદાર શરૂઆત અપાવી. ત્યારબાદ વિરાટ કોહલી અને દેવદત્ત પડિકલે ૭૨ રનની ભાગીદારી સાથે ઈનિંગ્સને મજબૂત બનાવી.એક સમયે ગુજરાત મેચમાં વાપસી કરવા માટે તૈયાર લાગતું હતું જ્યારે જેસન હોલ્ડરે કોહલી અને પડિકલ બંનેને એક જ ઓવરમાં આઉટ કર્યા. જો કે, ત્યારબાદ રમવા આવેલા રજત પાટીદારે મેચનું સંપૂર્ણ પાસું પલટી નાખ્યું. ઈઝમ્ના કેપ્ટન પાટીદારને ૨૦ રન પર જીવનદાન મળ્યું અને ત્યારબાદ તેણે ગુજરાતના બોલરો પર વિનાશ વેર્યો. પાટીદારે માત્ર ૩૩ બોલમાં અણનમ ૯૩ રન બનાવ્યા. તેની વિસ્ફોટક ઈનિંગને કારણે, RCBએ ૨૫૪ રનનો વિશાળ સ્કોર બનાવ્યો. ૨૫૫ રનના ટાર્ગેટનો પીછો કરતા ગુજરાતની શરૂઆત ખૂબ જ ખરાબ રહી. ટીમે પ્રથમ પાંચ ઓવરમાં જ તેના ટોચના ત્રણ બેટ્સમેન ગુમાવી દીધા. સાઈ સુદર્શન ખૂબ જ કમનસીબ રીતે આઉટ થયો, તે 'હિટ વિકેટ' આઉટ થયો. આ પછી ભુવનેશ્વર કુમારે શુભમન ગિલને આઉટ કર્યો, જ્યારે જોશ હેઝલવુડે જોસ બટલરની વિકેટ લીધી. રશીખ સલામ દારે ડબલ-વિકેટ મેડન ઓવર નાખીને ગુજરાતની બાકીની આશાઓ પર પાણી ફેરવી દીધું. ત્યાર બાદ રાહુલ તેવટિયા લડાયત ઈનિંગ રમી, પરંતુ તે જીત માટે પૂરતી નહોતી.

મેચ બાદ, ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલે સ્પષ્ટપણે ટીમની ખરાબ ફિલ્ડિંગને તેની હારનું મુખ્ય કારણ ગણાવ્યું. ગિલે કહ્યું કે, અમે ૧૨મી કે ૧૩મી ઓવર સુધી સ્પર્ધામાં હતા, પરંતુ અમારી ફિલ્ડિંગ યોગ્ય નહોતી. અમે કેટલાક કેચ છોડ્યા અને અમારી ગ્રાઉન્ડ ફિલ્ડિંગ પણ ખરાબ હતી. તેણે સ્વીકાર્યું કે દબાણની સ્થિતિમાં ટીમ અપેક્ષા મુજબ પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગઈ. ગિલે કહ્યું કે, અમે અમારી ટીમ મીટિંગ્સ અને પ્રેક્ટિસ સેશનમાં આ પાસાઓની ચર્ચા કરીએ છીએ, પરંતુ આજે અમારો દિવસ નહોતો. આક્રમકતા તો હતી જ, પરંતુ દબાણની પરિસ્થિતિઓમાં અમે નિષ્ફળ ગયા.ગુજરાતના કેપ્ટને એમ પણ જણાવ્યું કે, જો ટીમે પાવરપ્લે દરમિયાન મજબૂત શરૂઆત કરી હોત, તો આટલા મોટા ટાર્ગેટનો પીછો કરવો શક્ય હતો. સાઈ સુદર્શનના હિટ-વિકેટ આઉટ થવા અંગે ગિલે જણાવ્યું કે આવી રીતે આઉટ થવું ભાગ્યે જ જોવા મળે છે અને તેને ટીમ માટે અત્યંત કમનસીબ ઘટના ગણાવી. હવે ગુજરાત ટાઈટન્સે ફાઈનલમાં પહોંચવાની તેની આશા જીવંત રાખવા માટે તેની આગામી મેચમાં વાપસી કરવી પડશે.

### તમામ આવન-જાવનની સેવાઓ સ્થગિત રહેશે

# જૂનાગઢ ગિરનાર રોપ-વેમાં વાર્ષિક મેન્ટેનન્સ, ૯ દિવસ સેવા રહેશે સ્થગિત

જૂનાગઢ,તા.૨૭

જૂનાગઢના ગિરનાર ખાતે આવેલ ગિરનાર રોપ દ્વારા મુસાફરોની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને દર વર્ષની જેમ આ વર્ષે પણ વાર્ષિક ટેકનિકલ મેન્ટેનન્સ કામગીરી હાથ ધરવામાં આવશે.

સંચાલક મંડળ દ્વારા જાહેર કરાયા મુજબ રોપ-વે સેવા ૨ જૂન ૨૦૨૬ થી ૧૦ જૂન ૨૦૨૬ સુધી સંપૂર્ણ રીતે બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન તમામ આવન-જાવનની સેવાઓ સ્થગિત રહેશે.

ગિરનાર પર્વત પર આવેલા ભગવાન દત્તાત્રેયના પવિત્ર સ્થાન, મા અંબા મંદિર તેમજ જૈન દેરાસરોના દર્શન માટે દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ અહીં આવતા હોય છે. વધતા પ્રવાસન પ્રવાહને ધ્યાનમાં રાખીને રોપ-વેની તમામ ટેકનિકલ સિસ્ટમનું નિરીક્ષણ, મરામત અને સુરક્ષા ચકાસણી કરવામાં આવશે. મેનેજમેન્ટ મુજબ, મુસાફરોની સલામતી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને આ નિયમિત મેન્ટેનન્સ કાર્ય રોપ-વેની વધુ વિશ્વસનીય સેવા માટે જરૂરી છે. સાથે જ, આ સમય દરમિયાન થનારી અસુવિધા બદલ સંચાલકોએ દિલગીરી વ્યકત કરી છે અને પ્રવાસીઓને પૂર્વ આયોજન સાથે મુલાકાત ગોઠવવાની અપીલ કરી છે.

મેન્ટેનન્સ કામગીરી પૂર્ણ થયા બાદ ૧૧ જૂન ૨૦૨૬થી રોપ-વે સેવા ફરીથી નિયમિત રીતે શરૂ કરવામાં આવશે. ત્યારબાદ શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ ફરીથી સરળતાથી ગિરનાર પર્વત પર સ્થિત ધાર્મિક સ્થળોના દર્શન કરી શકશે.

# વડેરા ગામ ખાતે વાહકજન્ય રોગ અંતર્ગત કામગીરી કરાઈ

અમરેલી, તા. ૨૭

વડેરા ગામના લોકોને વાહકજન્ય રોગો જેવા કે મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના મચ્છર ચોખ્ખા, ખુલ્લા અને બંધીયાર પાણીમાં થાય છે તે અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું. તથા લોકોને સમજાવવામા આવ્યું કે પોતાના ઘરની અગાશીમાં, ફળિયામાં કે ઘરની આજુ–બાજુમાં કોઈપણ ભંગાર અથવા ડબ્બા–ડુબલી, ટાયર, પક્ષીકુડ હોઈ તેમાં વરસાદનુ પાણી ના ભરાઈ તે રીતે રાખવા અથવા તેનો નિકાલ કરવા અંગે પણ આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું. અને ગામના ૧૮ જેટલા ઘરના ૨૩ ખુલ્લા પાણીનાં ટાંકામાં પોરાભક્ષક ગપ્પી માછલીઓ મુકવામાં આવેલ.



આ કામગીરીને સફળ બનાવવા માટે સ્થાનિક આરોગ્ય કર્મચારી સપનાબેન રાણવા, ડી.જી. રાજયગુરૂ, કિરણબેન દુધાત, બીલકીસબેન ભટ્ટી અને કાજલબેન જાદવ એ જહેમત ઉઠાવેલ.

# ઈરાનની જેલમાં કેદ ૧૦ ભારતીય નાવિકો મુક્ત

નવી દિલ્હી, તા.૨૭

ઈરાનમાં જુલાઈ ૨૦૨૫થી જેલમાં બંધ ૧૦ ભારતીય નાવિકોને લાંબી કાનૂની અને રાજદ્વારી મંત્રણા બાદ આખરે મુક્ત કરવામાં આવ્યા છે. ભારતના શિપિંગ સત્તાવાળાઓએ મંગળવારે મોડી રાત્રે આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગના જણાવ્યા મુજબ, આ તમામ નાવિકો એમવી હાર્બર ફીનિક્સ નામના ઓઈલ ટેંકર જહાજ પર કામ કરતા હતા, જેમને જુલાઈ ૨૦૨૫માં જાસક પોર્ટ નજીકથી ઈરાની સુરક્ષા દળોએ અટકાયતમાં લીધા હતા. શિપિંગ ઓથોરિટીએ સ્પષ્ટ કર્યું છે કે અત્યારે આ તમામ નાવિકો એકદમ સુરક્ષિત છે અને તેમને વહેલી તકે ભારત પરત લાવવા માટેની જરૂરી પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.જહાજ ટ્રેક કરતી વેબસાઈટ્સના રિપોર્ટ મુજબ, આ ઓઈલ ટેંકર પલાઉ દેશના ધ્વજ સાથે ક્રૂડ ઓઈલ અને અન્ય પેટ્રોલિયમ વસ્તુઓ લઈને જઈ રહ્યું હતું. ભારત અને ઈરાન વચ્ચે વર્ષો જૂના રાજદ્વારી અને ઊર્જા સંબંધો છે, પરંતુ ઈરાનની સેના ખાડી વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ઈંધણ લઈ જતા જહાજોને અવારનવાર પકડી લેતી હોય છે. આ સંવેદનશીલ બાબતમાં ભારતે જાહેરમાં કોઈ બિનજરૂરી નિવેદનો આપવાને બદલે શાંત વ્યૂહનીતિ અને મજબૂત કૂટનીતિ વાપરીને ઈરાન સરકાર સાથે સતત વાતચીત ચાલુ રાખી હતી, જેના કારણે જ આ નાવિકોની મુક્તિ શક્ય બની છે.અત્યારે ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દરિયાઈ માર્ગ પરથી પસાર થતા જહાજો પર કડક નિયંત્રણો અને પાબંદીઓ લગાવી દીધી છે. આ એ જ વ્યૂહાત્મક દરિયાઈ રસ્તો છે, જ્યાંથી આખી દુનિયાના કુલ વપરાશનો અંદાજે ૫મો ભાગ (૨૦%) ક્રૂડ ઓઈલ અને એલએનજી સપ્લાય થાય છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા શરૂ કરાયેલા હુમલા બાદ ઈરાને આ દરિયાઈ માર્ગ પર પોતાની સપ્લાઈ વધારી દીધી છે.દુનિયામાં ક્રૂડ ઓઈલ ખરીદવામાં ભારત ત્રીજા ક્રમે આવે છે. ભારત પોતાની જરૂરિયાતનું અંદાજે અડધું ક્રૂડ ઓઈલ આ સ્ટ્રેટ ઓફ હોર્મુઝના દરિયાઈ માર્ગેથી જ આયાત કરે છે. વિશ્વના મર્ચન્ટ નેવી વર્કફોર્સમાં ભારતીય નાવિકોની સંખ્યા ઘણી મોટી છે અને હજારો ભારતીયો ખાડી વિસ્તારના આ દરિયાઈ રસ્તાઓ પર રાત-દિવસ કામ કરે છે. ભારતનો સત્તાવાર સ્ટેન્ડ પણ એ જ રહ્યો છે કે મિડલ ઈસ્ટમાં વહેલી તકે શાંતિ સ્થપાય અને હોર્મુઝ દરિયાઈ માર્ગેથી કોઈ પણ અડચણ વગર વૈશ્વિક વ્યાપાર ચાલતો રહે.

### TDPની ઐતિહાસિક જાહેરાત

# ૨૦૨૯ની ચૂંટણીમાં મહિલાઓને મળશે ૩૩% બેઠકો પર અનામત

## કેન્દ્ર સરકારનું મહિલા અનામત બિલ દેશભરમાં લાગુ થાય કે ન થાય, પણ પાર્ટી આ વચન ચોક્કસપણે પૂરું કરશે

અમરાવતી, તા.૨૭

તેલુગુ દેશમ પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ નારા લોકેશે એક મોટો રાજકીય દાવ ખેલતા જાહેરાત કરી છે કે, તેમની પાર્ટી ૨૦૨૯ની સામાન્ય ચૂંટણીઓમાં વિધાનસભા અને લોકસભાની ૩૩% બેઠકો મહિલા ઉમેદવારો માટે ફાળવશે. ટીડીપીના મહાનાડુ સંમેલનમાં એક ઐતિહાસિક પ્રસ્તાવ રજૂ કરતાં લોકેશે સ્પષ્ટ કર્યું હતું કે, કેન્દ્ર સરકારનું મહિલા અનામત બિલ દેશભરમાં લાગુ થાય કે ન થાય, પણ તેમની પાર્ટી આ વચન ચોક્કસપણે પૂરું કરશે.નારા લોકેશે રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકેના પોતાના પ્રથમ ભાષણમાં જણાવ્યું હતું કે, આ પ્રતિબદ્ધતા માત્ર એક ચૂંટણી નારો નથી પરંતુ ભારત અને પક્ષના ભવિષ્ય પ્રત્યેની એક જવાબદારી છે. તેમણે ઉમેર્યું કે, દેશને વધુ મહિલા ધારાસભ્યો, નેતાઓ અને નીતિ નિર્માતાઓની જરૂર છે અને ટૂંક સમયમાં જ ભારતીય રાજકારણમાં મહિલા નેતૃત્વનો નવો યુગ શરૂ થશે.નારા લોકેશે વિરોધ પક્ષો પર નિશાન સાધતા આક્ષેપ કર્યો હતો કે, અન્ય પક્ષો માત્ર ચૂંટણી વખતે જ મહિલા સશક્તિકરણની વાતો કરે છે અને સત્તામાં આવ્યા પછી ભૂલી જાય છે. કેટલાક પક્ષોએ સંસદમાં મહિલા અનામત બિલને રોકવાના પ્રયાસો પણ કર્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, મહિલાઓ માત્ર સરકારી કલ્યાણ યોજનાઓની લાભાર્થી બનીને ન રહેવી જોઈએ, પરંતુ તેઓ શાસન અને રાજકારણમાં સક્રિય નિર્ણાયક તરીકે ઉભરી આવે તે જરૂરી છે. આ સંદર્ભમાં તેમણે એનડીએ (NDA) સરકાર દ્વારા લાવવામાં આવેલા મહિલા અનામત બિલને એક ઐતિહાસિક પગલું ગણાવ્યું હતું.

પોતાના સંબોધનમાં લોકેશે ટીડીપીના સ્થાપક એન.ટી. રામારાવ (NTR) અને મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુને મહિલા સશક્તિકરણના અગ્રદૂત ગણાવ્યા હતા. એનટીઆરના શાસનકાળમાં જ મહિલાઓને સમાન મિલકત અધિકાર, સ્થાનિક સંસ્થાઓમાં અનામત અને મહિલાઓ માટે વિશેષ પદ્માવતી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી. ચંદ્રબાબુ નાયડુના કાર્યકાળમાં ત્યારબાદ નાયડુએ શિક્ષણ અને રોજગારમાં મહિલાઓ માટે ૩૩% અનામત, ડ્વાકરા (DWCRA) જૂથો અને દીપમ જેવી કલ્યાણકારી યોજનાઓ દ્વારા આ મિશનને આગળ ધપાવ્યું હતું.

નારા લોકેશે વિપક્ષી પક્ષ વાયએસઆરસીપી (YSRCP) અને તેના નેતૃત્વ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે વિપક્ષના જૂના નારા વ્હાય નોટ ૧૭૫ ની મજાક ઉડાવતા હવે તેને ટીમ-૧૧ તરીકે સંબોધિત કરી હતી. આ સાથે જ તેમણે વાયએસઆરસીપીના પ્રમુખ વાય. એસ. જગન મોહન રેડ્ડીને વિકાસ અને કલ્યાણના મુદ્દે જાહેરમાં ચર્ચા કરવા માટે ખુલ્લો પડકાર ફેંક્યો હતો.

### યુગાન્ડાથી આવેલી મહિલામાં શંકાસ્પદ લક્ષણો દેખાતા ક્વોરન્ટાઇન

# ભારતમાં ઇબોલા વાયરસની એન્ટ્રીથી લોકોમાં ફફડાટ

**આ વાયરસ કોઈ પણ સંક્રમિત વ્યક્તિના શરીરના પ્રવાહી પદાર્થો જેવા કે લોહી, લાળ, પરસેવો અથવા યુરિનના સીધા સંપર્કમાં આવવાથી ખૂબ જ ઝડપથી ફેલાય છે**

નવી દિલ્હી, તા. ૨૭

વૈશ્વિક સ્તરે અને ખાસ કરીને આફ્રિકન દેશોમાં ભારે ઉત્પાત મચાવ્યા બાદ હવે ખતરનાક ઈબોલા વાયરસે ભારતમાં દસ્તક દીધી છે. અહેવાલો અનુસાર, આફ્રિકન દેશ યુગાન્ડાથી ભારત આવેલી એક મહિલામાં ઈબોલા વાયરસના અત્યંત ગંભીર લક્ષણો જોવા મળ્યા છે. સંક્રમણની આશંકાને પગલે તબીબી તંત્ર દ્વારા મહિલાને બેંગલુરુની ખાસ મેડિકલ ફેસિલિટીમાં ક્વોરન્ટાઈન કરી દેવામાં આવી છે અને તેના સેમ્પલ તપાસ અર્થે મોકલાયા છે. ઈબોલા વાયરસને તબીબી જગતમાં કોરોના કરતાં પણ વધુ ઘાતક અને જીવલેણ ગણવામાં આવે છે. ઈબોલાથી સંક્રમિત દર્દીઓમાં મૃત્યુદર ૫૦% થી લઈને ૯૦% સુધી પહોંચી શકે છે. આ એક અત્યંત ચેપી વાયરલ બીમારી છે, જેના કારણે શરીરમાં આંતરિક તેમજ બાહ્ય રક્તસ્રાવ, હેમોરેજિક તાવ અને માનવ શરીરના મહત્ત્વના અંગો ફેલ થઈ જાય છે. આ વાયરસ કોઈ પણ સંક્રમિત વ્યક્તિના શરીરના પ્રવાહી પદાર્થો જેવા કે લોહી, લાળ, પરસેવો અથવા યુરિનના સીધા સંપર્કમાં આવવાથી ખૂબ જ ઝડપથી ફેલાય છે. ચિંતાની વાત એ છે કે આ વાયરસ સામે લડવા માટે હજુ સુધી કોઈ ચોક્કસ સચોટ રસી કે દવા ઉપલબ્ધ નથી, જે તેને વધુ જીવલેણ બનાવે છે. આ પૂર્વે ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાન જેવા દેશોમાં ઈબોલાના કારણે ૨૦૦ થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે અને ૧,૦૦૦ થી વધુ કેસ નોંધાયા છે. ઈબોલાના સંભવિત ખતરાને જોતા ભારત સરકાર અને આરોગ્ય મંત્રાલય સંપૂર્ણપણે એલર્ટ થઈ ગયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ ગત સોમવારે જ આ સંદર્ભે એક સત્તાવાર ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને દેશની સજ્જતાની સમીક્ષા કરી હતી. નાગરિકોને આફ્રિકન દેશોની બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપવામાં આવી છે. આ સાથે જ ડીજીસીએ દ્વારા પણ એરપોર્ટ અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ માટે કડક સ્ક્રિનિંગ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે.

### એર ઇન્ડિયાની ફ્લાઇટમાં ટેકનિકલ ખામી

# દિલ્હીથી સાન ફ્રાન્સિસ્કો જતું પ્લેન ૮ કલાક હવામાં રહ્યા બાદ પરત ફર્યું

**એરક્રાફ્ટમાં સર્જાયેલી આ ખામી સમયે પ્લેનમાં આશરે ૨૩૦ જેટલા મુસાફરો સવાર હતા, જેમનો આબાદ બચાવ થયો છે**

નવી દિલ્હી, તા. ૨૭

દિલ્હીથી અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI173માં અધવચ્ચે ટેકનિકલ ખામી સર્જાતાં તેને બુધવારે સવારે પરત દિલ્હી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં આવી હતી. બોઈંગ 777-300 ER (Boeing 777-300 ER) એરક્રાફ્ટમાં સર્જાયેલી આ ખામી સમયે પ્લેનમાં આશરે ૨૩૦ જેટલા મુસાફરો સવાર હતા, જેમનો આબાદ બચાવ થયો છે.

ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ Flightradar24.com ના ડેટા અનુસાર, આ ફ્લાઈટે દિલ્હીથી ટેકઓફ કર્યા બાદ આશરે ૩ કલાકથી વધુનો સમય હવામાં રહ્યું હતું. પ્લેન જ્યારે ચીનની એરસ્પેસમાં હતું, ત્યારે જ તેમાં ટેકનિકલ ખામી હોવાનું માલૂમ પડ્યું હતું. પાઈલટે નિર્ધારિત પ્રોટોકોલ હેઠળ પ્લેનને તુરંત જ રાષ્ટ્રીય પાટનગર દિલ્હી તરફ ડાયવર્ટ કરવાનો નિર્ણય લીધો હતો. આખી પ્રક્રિયા દરમિયાન પ્લેન આશરે ૮ કલાક કરતાં વધુ સમય સુધી હવામાં રહ્યું હતું અને આખરે બુધવારે સવારે દિલ્હીમાં તેનું સેફ લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. આ ગંભીર ઘટના અંગે એર ઈન્ડિયાના પ્રવક્તાએ સત્તાવાર નિવેદન જાહેર કરીને જણાવ્યું છે કે, "૨૭ મેના રોજ દિલ્હીથી સાન ફ્રાન્સિસ્કો જઈ રહેલી ફ્લાઈટ AI173 ટેકનિકલ ખામીના કારણે નક્કી કરેલી પ્રક્રિયા મુજબ દિલ્હી પરત ફરી છે. એરક્રાફ્ટ સુરક્ષિત રીતે લેન્ડ થઈ ગયું છે અને હવે એર ઈન્ડિયાના સેફ્ટી સ્ટાન્ડર્ડ્સ મુજબ તેની ઝીણવટભરી તકનીકી તપાસ કરવામાં આવશે. એરલાઈન્સે મુસાફરોને થયેલી અસુવિધા બદલ ખેદ વ્યક્ત કર્યો અને જણાવ્યું કે, તમામ ૨૩૦ મુસાફરોને વહેલી તકે તેમના ગંતવ્ય સ્થાને પહોંચાડવા માટે વૈકલ્પિક ફ્લાઈટની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

ત્યાં સુધી એરપોર્ટ પર હાજર ગ્રાઉન્ડ ટીમ દ્વારા મુસાફરોને રિફ્રેશમેન્ટ (નાસ્તો-પાણી), હોટેલ સ્ટે અને તેમની પસંદગી મુજબ ટિકિટ રિશેડ્યુલિંગ સહિતની તમામ જરૂરી સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

### આફ્રિકાથી આવેલા ૧૧ લોકો હોમ આઇસોલેટ

# અમદાવાદમાં ઇબોલા વાઈરસને પગલે એલર્ટ

**તમામ મુસાફરો અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં રહે છે, હાલમાં એકપણ વ્યક્તિમાં ઇબોલાના લક્ષણો દેખાયા નથી**

અમદાવાદ, તા. ૨૭

આફ્રિકન દેશો યુગાન્ડા, દક્ષિણ સુદાન અને કોંગોમાં જીવલેણ ઈબોલા વાઈરસનો (Ebola Virus) પ્રકોપ વધતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું (AMC) આરોગ્ય વિભાગ એક્શન મોડમાં આવી ગયું છે. તકેદારીના ભાગરૂપે પ્રશાસન દ્વારા અમદાવાદમાં તમામ જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ આફ્રિકન દેશોમાંથી અમદાવાદ આવેલા ૧૧ જેટલા મુસાફરોને હાલ તેમના ઘરે જ હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, આ તમામ મુસાફરો અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં રહે છે. હાલમાં આમાંથી એકપણ વ્યક્તિમાં ઈબોલાના લક્ષણો દેખાયા નથી, તેમજ તેઓ ત્યાં કોઈ પોઝિટિવ દર્દીના સંપર્કમાં પણ આવ્યા નથી. જોકે, સાવચેતીના પગલે હવે પછી આ ત્રણ દેશોમાંથી આવનારા તમામ મુસાફરો માટે હોમ આઈસોલેશન ફરજિયાત રહેશે. આ ઉપરાંત, કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે અમદાવાદની એસવીપી (SVP) હોસ્પિટલમાં દર્દીઓને ક્વોરેન્ટાઈન કરવા માટે અલગથી ૩૦ બેડનો વિશેષ વોર્ડ તૈયાર કરી દેવાયો છે.

ઈબોલા વાઈરસ (EVD)ને કારણે વૈશ્વિક સ્તરે જાહેર આરોગ્ય કટોકટીની આંતરરાષ્ટ્રીય ચિંતા (PHEIC) ઊભી થઈ છે. આ જોખમને ઘટાડવા માટે સિવિલ એવિએશન ડિરેક્ટોરેટ જનરલ (DGCA) અને મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિએશન (MOCA) દ્વારા એરપોર્ટ પર તમામ એરલાઈન્સ માટે કડક નિયમો લાગુ કરાયા છે. જેના અંતર્ગત એરપોર્ટ પર પ્રવેશતા તમામ આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે સેલ્ફ ડિક્લેરેશન ફોર્મ (SDF) ભરવું ફરજિયાત રહેશે. એરપોર્ટ પર ભીડ ટાળવા અને સંક્રમણનું જોખમ ઘટાડવા માટે ફ્લાઈટ લેન્ડ થાય તે પહેલાં જ પ્લેનમાં આ અંગેની જાહેરાત કરીને ફોર્મ ભરાવી લેવામાં આવશે. ઈબોલા એક અત્યંત ચેપી વાયરલ છે, જે ગંભીર રક્તસ્રાવ, હેમોરહેજિક તાવ અને અંગોને નુકસાન પણ પહોંચાડી શકે છે. આ વાયરસ ચેપગ્રસ્ત વ્યક્તિના શરીરના પ્રવાહી, જેમ કે લોહી, લાળ અને પરસેવાના સીધા સંપર્ક દ્વારા ફેલાય શકે છે. હાલમાં, તેની કોઈ રસી કે દવા શોધાઈ નથી, જેના કારણે આ વાયરસ ખૂબ જ ઘાતક બની ગયો છે.

કોંગોની પરિસ્થિતિને જોતાં, ભારતે નાગરિકોને આ દેશોમાં બિનજરૂરી ન જવાની સલાહ આપી છે. કેન્દ્રીય આરોગ્ય પ્રધાન નડ્ડાએ વર્તમાન તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક બેઠક યોજી હતી. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA)એ માર્ગદર્શિકા પણ જાહેર કરી છે.

એરપોર્ટના આગમન વિસ્તારમાં ૨૪૭ ફ્રન્ટલાઈન આરોગ્ય કર્મચારીઓ તૈનાત કરી દેવાયા છે. આગામી સમયમાં મુસાફરોની પ્રક્રિયા સરળ બનાવવા માટે મંત્રાલય દ્વારા ફરીથી એર સુવિધા પોર્ટલ શરૂ કરવામાં આવી શકે છે.

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ખાસ કરીને આફ્રિકાના પ્રભાવિત દેશોમાંથી આવતા મુસાફરો પર વોચ વધારવામાં આવી છે. દરરોજ સાંજે ૬ વાગ્યાથી લઈને સવારે ૧૦ વાગ્યા સુધી યુગાન્ડા, કોંગો અને સાઉથ સુદાનથી આવતા તમામ મુસાફરોનું સઘન સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું છે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે, આ સ્ક્રીનિંગ માત્ર પ્રભાવિત દેશોના પેસેન્જરો માટે જ છે, સામાન્ય કે અન્ય દેશોના મુસાફરોએ ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોંગોમાં ઈબોલાના વધતા કેસોને પગલે ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. કોંગોના ઈટુરી પ્રાંતમાં અત્યાર સુધીમાં ઈબોલાના કારણે ૮૦ લોકોના મોત થયા છે અને ૨૪૬ શંકાસ્પદ કેસ સામે આવ્યા છે. ત્યાં ગત ૨૪ એપ્રિલે એક નર્સના મોત બાદ આ બીમારી ઝડપથી ફેલાઈ રહી છે.

નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આ વખતે કોંગોમાં ઈબોલાનો બુંડીબુગ્યો સ્ટ્રેન મળ્યો છે. અગાઉ ત્યાં ઝાયર સ્ટ્રેન જોવા મળતો હતો. ચિંતાની વાત એ છે કે ઈબોલાની હાલની મોટાભાગની રસી અને સારવાર ઝાયર સ્ટ્રેનને ધ્યાનમાં રાખીને બનાવાયા છે, જેથી આ નવો સ્ટ્રેન તબીબો માટે મોટો પડકાર બની શકે છે.

ઈબોલા વાઈરસ ડિસીઝ (EVD) સૌપ્રથમ ૧૯૭૬માં આફ્રિકાની ઈબોલા નદી નજીકના વિસ્તારમાં સામે આવ્યો હતો, જેના પરથી તેનું નામ ઈબોલા રાખવામાં આવ્યું છે. આ વાઈરસથી સંક્રમિત થનારા દર્દીઓમાં મૃત્યુદર ૨૫% થી લઈને ૯૦% જેટલો ઊંચો હોય છે. આ બીમારી સંક્રમિત વ્યક્તિના લોહી, ઉલટી, લાળ કે શરીરના અન્ય પ્રવાહી પદાર્થોના સીધા સંપર્કમાં આવવાથી ફેલાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ ગભરાય નહીં પરંતુ વિદેશ પ્રવાસથી પરત ફરતી વખતે સ્વાસ્થ્ય સંબંધી ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરે.

### દીકરીની આઈટી કંપની સાથે સંબંધિત છે મામલો

# કેરળના પૂર્વ CM પિનરાઈ વિજયનના ઘરે EDના દરોડા,

**વર્ષ ૨૦૧૯ની તપાસમાં આ સમગ્ર વિવાદની શરૂઆત ૨૦૧૯ માં થઈ હતી, જ્યારે આવકવેરા વિભાગે CMRL કંપની પર દરોડા પાડ્યા હતા**

નવી દિલ્હી, તા. ૨૭

કેરલમના રાજકારણમાંથી આ સમયના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. પ્રવર્તન નિદેશાલયે (ED) કેરલમના પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન વિપક્ષના નેતા પિનારાઈ વિજયન વિરુદ્ધ મોટી કાર્યવાહી કરતા તેમના અનેક સ્થળો પર એકસાથે દરોડા પાડ્યા છે. EDની આ મેગા એક્શન તેમની દીકરી વીણા વિજયનની આઈટી ફર્મ એક્સાલોજિક સોલ્યુશન્સ સાથે જોડાયેલા કથિત મની લોન્ડરિંગ કેસમાં કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, EDની અલગ-અલગ ટીમો આજે સવારથી જ પૂર્વ મુખ્યપ્રમુખ સાથે જોડાયેલા પરિસરો પર સઘન સર્ચ ઓપરેશન ચલાવી રહી છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ, પૂર્વ સીએમના નિવાસસ્થાન સહિત કુલ 10 સ્થળો પર હાલ તપાસ ચાલી રહી છે. આ સમગ્ર કાર્યવાહી કોચીન મિનરલ્સ એન્ડ રૂટાઈલ લિમિટેડ (CMRL) અને વીણા વિજયનની કંપની વચ્ચેના શંકાસ્પદ નાણાકીય વ્યવહારોની તપાસનો એક ભાગ છે. નોંધનીય છે કે આ દરોડા મંગળવારે (26 મે) કેરલમ હાઈકોર્ટ દ્વારા લેવાયેલા એક મહત્વપૂર્ણ નિર્ણયના બીજા જ દિવસે પડ્યા છે. હાઈકોર્ટે CMRL અને વીણા વિજયનની કંપની વચ્ચેના આ શંકાસ્પદ વ્યવહારોમાં EDની મની લોન્ડરિંગ તપાસ પર સ્ટે આપવાની માંગ કરતી અરજીને સ્પષ્ટપણે ફગાવી દીધી હતી. કોર્ટ તરફથી લીલી ઝંડી મળતા જ ED એ આ આક્રમક પગલું ભર્યું છે. વર્ષ 2019ની તપાસમાં આ સમગ્ર વિવાદની શરૂઆત 2019 માં થઈ હતી, જ્યારે આવકવેરા વિભાગે CMRL કંપની પર દરોડા પાડ્યા હતા. તપાસમાં સામે આવ્યું કે CMRL કંપનીએ 2017થી 2019 દરમિયાન વીણા વિજયનની કંપની એક્સાલોજિક સોલ્યુશન્સને 1.72 કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. આરોપ છે કે આ ખર્ચ કોઈપણ સોફ્ટવેર કે આઈટી સર્વિસ આપ્યા વગર જ માત્ર નકલી ખર્ચ તરીકે બતાવવામાં આવ્યો હતો.

આ ખુલાસો થયા બાદ EDએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ ગુનો નોંધીને તપાસ તેજ કરી હતી. CMRLના મેનેજિંગ ડિરેક્ટર એસ.એન. શશિધરન કાર્થા અને અન્ય ટોચના અધિકારીઓએ કેરલમ હાઈકોર્ટમાં અરજી કરીને ED દ્વારા દાખલ કરાયેલી ECIR અને સમન્સને રદ કરવા માંગ કરી હતી. તેમની મુખ્ય દલીલો હતી કે, આ મામલામાં PMLA હેઠળ કોઈ ગુનો બનતો નથી. કેન્દ્ર સરકારની ગંભીર નાણા વિરોધી છેતરપિંડી તપાસ કચેરી (SFIO) ઓલરેડી આની તપાસ કરી રહી છે, તેથી EDની દખલ બિનજરૂરી છે.

જસ્ટિસ ટી.આર. રવિની બેન્ચે આ તમામ દલીલોને ફગાવી દેતા સ્પષ્ટ કર્યું કે EDને કોઈપણ ઔપચારિક FIR વિના પણ પૂછપરછ કરવાનો અને સમન્સ જારી કરવાનો પૂરો અધિકાર છે. અદાલતે એમ પણ માન્યું કે SFIO અને ED બંને એજન્સીઓની તપાસનો વ્યાપ અને હેતુ તદ્દન અલગ-અલગ છે. આ હાઈકોર્ટના ચુકાદા બાદ હવે પૂર્વ મુખ્યમંત્રી પિનારાઈ વિજયન અને તેમના પરિવારની મુશ્કેલીઓમાં મોટો વધારો થવાની શક્યતા દેખાઈ રહી છે.

### પેટ્રોલ-ડીઝલ બાદ હવે CNGના ભાવમાં ભડકો

# અદાણી ગેસે પ્રતિ કિલોગ્રામ ૨ રૂપિયાનો વધારો ઝીંક્યો

**CNGના ભાવમાં ફરી વધારો થતાં વાહનચાલકો અને ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે જોડાયેલા લોકો પર આર્થિક ભાર વધ્યો છે**

અમદાવાદ, તા. ૨૭

ગુજરાતમાં અદાણી ગેસે ફરી એકવાર સીએનજી (CNG)ના ભાવમાં પ્રતિ કિલોગ્રામ ૨ રૂપિયાનો વધારો ઝીંક્યો છે. મોંઘવારીના મારથી પીડાતા સામાન્ય ગ્રાહકો પર આ વધારાથી આર્થિક બોજ વધુ વધશે.

આ તાજેતરના ભાવવધારા બાદ હવે અદાણી CNGની કિંમત વધીને ૮૮.૨ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. આ નવા વધારા સાથે વર્ષ ૨૦૨૬ની શરૂઆતથી અત્યાર સુધીમાં ગુજરાતમાં CNGના ભાવમાં પ્રતિ કિલોએ કુલ ૮.૬૦ રૂપિયાનો તોતિંગ વધારો થઈ ચૂક્યો છે. ચાલુ મે મહિનામાં જ CNGના ભાવમાં આ બીજી વખત વધારો કરવામાં આવ્યો છે. આ અગાઉ ૧૬ મેના રોજ કંપનીએ પ્રતિ કિલો ૨.૨૫ રૂપિયાનો વધારો કર્યો હતો. બેક-ટુ-બેક (એક પછી એક) થયેલા આ ભાવવધારાને કારણે વાહનચાલકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ખાસ કરીને ઓટો-રિક્ષા ચાલકો, કેબ ઓપરેટર્સ અને મધ્યમ વર્ગના મુસાફરો, જેમણે ઈંધણનો ખર્ચ ઘટાડવા માટે CNG વાહનો અપનાવ્યા હતા, તેઓ આ નિર્ણયથી મુશ્કેલીમાં મુકાયા છે. આ અગાઉ મંગળવારે દિલ્હી અને NCR (રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર)માં પણ ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ (IGL) દ્વારા CNGના ભાવમાં પ્રતિ કિલો રૂ. ૨નો વધારો કરવામાં આવ્યો હતો

ગેસ વિતરણ કંપનીઓએ CNGના દરોમાં થઈ રહેલા સતત વધારા માટે મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય બજારની સ્થિતિને જવાબદાર ગણાવી છે.

વૈશ્વિક બજારમાં ડોલર વધુ મજબૂત થવાને કારણે ભારતીય કંપનીઓ માટે ગેસની આયાત કરવી વધુ મોંઘી બની રહી છે. આયાત ખર્ચ વધવાને કારણે આખરે તેનો બોજ સામાન્ય ગ્રાહકો પર આવી રહ્યો છે અને ઈંધણના ભાવ વધી રહ્યા છે.

### રુરલ ડેવલમેન્ટ મિનિસ્ટ્રીનો ધડાકો

# પ્રધાનમંત્રી સડક યોજનામાં માર્ગોની ગુણવત્તા ચકાસાઈ નહીં

**દર ૫માંથી ૧ રસ્તો સરકારી ચોપડે જ નાપાસ**

નવી દિલ્હી, તા. ૨૭

ગુજરાતમાં રસ્તાઓના મુદ્દે સામાન્ય વાહનચાલકોનો સૂર સરકાર તરફ રહ્યો નથી. ખાડાઓને કારણે દર વર્ષે રસ્તાઓની બૂમરાણ સરકારની પ્રતિષ્ઠા ખરડી રહી છે. દરમિયાન, કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયે એક એવો આંકડો જાહેર કર્યો છે, જે રાજ્ય સરકારના મજબૂત રસ્તાના દાવાઓની પોલ ખોલી ખુલી છે કેમકે, પ્રધાનમંત્રી સડક યોજનામાં એકેય માર્ગની ગુણવત્તા ચકાસવામાં આવી નથી.

શહેરોમાં ચકાચક રસ્તા બનાવી મતદારોને આકર્ષવામાં આવી રહ્યાં છે પણ ગામડાઓમાં બનતાં માર્ગો પ્રત્યે ઝાઝું ધ્યાન અપાતું નથી. કેન્દ્રીય મંત્રાલયના રિપોર્ટ મુજબ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મિઝોરમ, આસામ, પશ્ચિમ બંગાળ સહિત ૨૮ રાજ્યોમાં નેશનલ ક્વોલિટી મોનિટર્સે પ્રધાનમંત્રી સડક યોજના અંતર્ગત બનેલા રસ્તાઓની ગુણવત્તા ચકાસી હતી.

કુલ ૨૦૬૧ માર્ગોની તપાસનું તારણ એવું આવ્યું કે ૪૦૦થી વધુ રસ્તાઓમાં અત્યંત નબળું કામ થયું હોવાનું બહાર આવ્યું છે. એટલે કે, દર પાંચમાંથી એક રસ્તો સરકારી ચોપડે જ નાપાસ થયો હતો.

વર્ષ ૨૦૨૫માં ગુજરાતમાં આ મોનિટર્સ કદાચ 'વિકાસ' જોવામાં એટલા વ્યસ્ત હતા કે તેમને રાજ્યનો એક પણ ગ્રામીણ રસ્તો તપાસવા જેવો જ ન લાગ્યો! નેશનલ ક્વોલિટી મોનિટર્સ દ્વારા એક પણ રસ્તાની તપાસ કરવામાં આવી નહીં. પરિણામે, ક્વોલિટી ચેક વગર જ કોન્ટ્રાક્ટરોને બખ્ખા થઈ ગયા છે. અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી બનેલા રસ્તાઓ પહેલા વરસાદમાં જ ધોવાઈ જાય છે.

નોંધનીય છે કે, ગ્રામ્ય વિસ્તારોમાં આ યોજના હેઠળ બનતાં માર્ગો નબળી ગુણવત્તાને પગલે તૂટી જાય છે. નિર્માણ થયાના થોડાક વખતમાં જ ખાડાખૈડાવાળો થઈ જાય છે. આમ છતાંય રસ્તાની ગુણવત્તા ચકાસણી થતી નથી. આ કારણોસર ભ્રષ્ટ સરકારી અધિકારીઓ અને મળતિયા કોન્ટ્રાક્ટરોને ફાવતું ફાવ્યું છે.

### કચ્છના દરિયામાં નશાનો મોટો પર્દાફાશ

# ૧ હજાર કરોડનું કોકેઈન ઝડપાયું, ATS–કોસ્ટગાર્ડનું મેગા ઓપરેશન

**આ ડ્રગ્સ બ્રાઝીલથી લોડ કરવામાં આવ્યું હતું અને કરાંચી મારફતે દરિયાઈ માર્ગે લાવવામાં આવી રહ્યું હતું**

કચ્છ, તા. ૨૭

કચ્છમાં ફરી નશાનો સામાન ઝડપાયો છે. ATS, કોસ્ટગાર્ડ અને કસ્ટમ વિભાગની ટીમે મળીને આ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે, જેમાં બ્રાઝીલથી ભારતમાં લાવવામાં આવેલો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહીથી ડ્રગ્સ માફિયાઓના નેટવર્કને મોટો ઝટકો લાગ્યો છે. કચ્છના દરિયામાં નશાના સોદાગરો સામે ATSએ મોટી સફળતા મેળવી છે. મધ દરિયે ચાલી રહેલા સંયુક્ત ઓપરેશન દરમિયાન અંદાજે ૧ હજાર કરોડ રૂપિયાની કિંમતનું કોકેઈન ઝડપી લેવામાં આવ્યું છે. આ કાર્યવાહી Anti Terrorism Squad Gujarat (ATS), કોસ્ટગાર્ડ અને કસ્ટમ વિભાગની સંયુક્ત ટીમ દ્વારા કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, ૧૧૫ કિલો કોકેઈનનો જથ્થો વિદેશથી ભારતમાં લાવવામાં આવ્યો હતો અને તેને દિલ્હી પહોંચાડવાની યોજના હતી. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે, આ ડ્રગ્સ બ્રાઝીલથી લોડ કરવામાં આવ્યું હતું અને કરાંચી મારફતે દરિયાઈ માર્ગે લાવવામાં આવી રહ્યું હતું. યુરોપના MSC નામના જહાજમાંથી પણ મોટા પ્રમાણમાં ડ્રગ્સ ઝડપાયું છે. મધ દરિયે શિપને અટકાવીને સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ૨૬ તારીખે વહેલી સવારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઓપરેશનમાં અંદાજે ૧૧૦ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. તપાસ દરમિયાન સેટેલાઈટ ફોન પણ મળી આવ્યા છે, જે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કની સંડોવણી તરફ ઈશારો કરે છે.

આ કાર્યવાહી દરમિયાન ATS દ્વારા ૩ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. એક આરોપી દરિયામાં કૂદી ગયો હતો જ્યારે અન્ય બે નાઈજીરિયન શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. માહિતી મુજબ, જુમા નાસીર ઓમાર નામના શખ્સને બોટમાંથી ઝડપવામાં આવ્યો છે. ઉપરાંત દિલ્લી સાથે જોડાયેલા બે વ્યક્તિઓ—કેલ્વિન ચુકવામા અને બ્યારુહંગા જેમ્સની પણ ધરપકડ કરવામાં આવી છે, જે ડ્રગ્સની ડિલિવરી લેવા આવવાના હતા.

તપાસમાં ખુલાસો થયો છે કે ડ્રગ્સ બ્રાઝીલથી લાવવામાં આવ્યું હતું અને મોટા જહાજમાંથી નાની બોટમાં ટ્રાન્સફર કરવાની યોજના હતી. આ સમગ્ર નેટવર્ક આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાયેલું હોવાનું માનવામાં આવે છે. કસ્ટમ વિભાગની ટીમ પણ આ સર્ચ ઓપરેશનમાં જોડાઈ હતી અને સમગ્ર મામલે તપાસ વધુ તેજ કરવામાં આવી છે. આ મામલે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પોસ્ટ મારફતે પ્રતિક્રિયા આપી છે કે ગુજરાતને ડ્રગ્સનું ગેટવે બનવા દેવામાં નહીં આવે. આ અગાઉ પણ કચ્છના મુન્દ્રા વિસ્તારમાંથી લગભગ ૨૦૦ કરોડ રૂપિયાની કિંમતનો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હતો. આ વખતે ફરી એકવાર મધ દરિયે મોટી કાર્યવાહીથી ડ્રગ્સ માફિયાઓના નેટવર્કને મોટો ઝટકો આપ્યો છે. આ સમગ્ર કેસમાં વધુ તપાસ ચાલી રહી છે અને આગામી દિવસોમાં વધુ ખુલાસા થવાની શક્યતા છે.

### ગુજરાત સહિત ૨૨ રાજ્યોમાં વરસાદનું એલર્ટ

# ૩૦ મેં થી ૨ જૂન સુધી થન્ડર સ્ટોમ સાથે વરસાદ પડશે

**૩૦ અને ૩૧ મેના કચ્છ બનાસકાંઠા સાબરકાંઠા પાટણ અરવલ્લી મહીસાગરમાં વરસાદની આગાહી કરવામાં આવી**

નવી દિલ્હી, તા. ૨૭

અમદાવાદ હવામાન વિભાગ દ્વારા અગામી પાંચ દિવસની આગાહી આજે જાહેર કરવામાં આવી જે મુજબ અગામી ૪૮ કલાકમાં તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં ત્યાર બાદ ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે ૩૦ મેં થી ૨ જૂન સુધી થન્ડર સ્ટોમ સાથે વરસાદ પડશે. ૩૦ અને ૩૧ મેના કચ્છ બનાસકાંઠા સાબરકાંઠા પાટણ અરવલ્લી મહીસાગરમાં ભારે પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧ જૂનના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, વડોદરા, નર્મદા, અમરેલી, ભાવનગરમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨ જૂનના અમરેલી, ભાવનગર, દાહોદ, મહીસાગર, પંચમહાલ, વડોદરા, નર્મદા, છોટા ઉદેપુર, તાપી, ડાંગમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતના સૌથી ગરમ શહેરમાં સુરેન્દ્રનગર રહ્યું હતું. લાંબા સમયથી અસહ્ય ગરમીનો સામનો કરી રહેલા નાગરિકો માટે હવામાન વિભાગ તરફથી રાહતના સમાચાર આવ્યા છે. ગુજરાત સહિત દેશભરના રાજ્યોમાં મૌસમનો મિજાજ ઝડપથી બદલાવા જઈ રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા દેશના અલગ-અલગ ભાગોમાં વરસાદની ધમાકેદાર આગાહી કરવામાં આવી છે, જેને પગલે આગામી દિવસોમાં ગરમીનું પ્રમાણ ઘટશે અને લોકોને કાળઝાળ ગરમીમાંથી મોટી રાહત મળશે. હાલમાં ગુજરાતનું સૌથી ગરમ શહેર સુરેન્દ્રનગર રહ્યું હતું, પરંતુ હવે ટૂંક સમયમાં જ વરસેલા વરસાદને કારણે સમગ્ર રાજ્યમાં ઠંડક પ્રસરી જશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દેશના ૨૨ જેટલા રાજ્યોમાં વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

દિલ્હી, ઉત્તર પ્રદેશ અને બિહાર સહિતના ઉત્તર ભારતના રાજ્યોમાં ગરમી ઘટતા લોકોને મોટી રાહત મળશે, જેમાં દિલ્હીમાં તો આવતીકાલથી જ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત પૂર્વોત્તર ભારતના રાજ્યો જેવા કે મણીપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આજથી જ વરસાદની શક્યતા છે, જ્યારે આસામ અને મેઘાલયમાં પણ આજથી જ મેઘરાજાની એન્ટ્રી થઈ શકે છે. તેની સાથે જ દક્ષિણ ભારતના રાજ્યોમાં પણ આગામી દિવસોમાં સારો એવો વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જો ગુજરાતની વાત કરીએ તો, અમદાવાદ હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસની સત્તાવાર આગાહી જાહેર કરવામાં આવી છે.

આ આગાહી મુજબ આગામી ૪૮ કલાક એટલે કે બે દિવસ દરમિયાન તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં. જોકે, ૩ દિવસ બાદ ગુજરાતમાં વાતાવરણ પલટાશે અને ભારે પવન તથા ગાજવીજ સાથે વરસાદની એન્ટ્રી થશે. રાજ્યમાં ૩૦ મે થી ૨ જૂન સુધી થન્ડરસ્ટોર્મ એક્ટિવિટી (ગાજવીજ અને ભારે પવન) સાથે વરસાદ પડવાની સંભાવના છે. આ આગાહી અંતર્ગત ૩૦ અને ૩૧ મેના રોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, અરવલ્લી અને મહીસાગરમાં ભારે પવન સાથે વરસાદ પડી શકે છે.

જ્યારે ૧ જૂનના રોજ બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, વડોદરા, નર્મદા, અમરેલી અને ભાવનગરમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારબાદ ૨ જૂનના રોજ પણ વરસાદનું જોર યથાવત રહેશે અને અમરેલી, ભાવનગર, દાહોદ, મહીસાગર, પંચમહાલ, વડોદરા, નર્મદા, છોટાઉદેપુર, તાપી અને ડાંગ જિલ્લામાં મેઘમહેર જોવા મળશે. આમ, આગામી દિવસોમાં લોકોને અસહ્ય બફારા અને ગરમીમાંથી મુક્તિ મળશે.

# અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર આયોજિત સાહિત્ય ગોષ્ઠિ બેઠક સંપન્ન






અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારનાં સ્થાપક પ્રમુખ ડો. પ્રતાપભાઈ પંડયાની પ્રિય પ્રવૃતિ એટલે કે, સાહિત્ય ગોષ્ઠિ સર્જક પરિવાર દ્વારા પ્રમુખ મનીષાબેન પંડયા પ્રેરિત અને વરિષ્ઠ કવિ ઉમેશભાઈ જોષીથી પ્રોત્સાહિત મે ૨૦૨૬ માસની સાહિત્ય ગોષ્ઠિ બેઠક રમાબેન પંડયા હોલમાં આયોજિત કરવામાં આવી હતી. બેઠકના પ્રારંભે પૂર્વભૂમિકામાં પરેશ મહેતાએ સહુને આવકારી બેઠકનાં હેતુ વિશે વાત કરી અને સહુને ગદ્ય પદ્ય સાહિત્યનાં તમામ સ્વરૂપનું પોતીકું સર્જન રજૂ કરવા નિમંત્રિત કર્યા હતા. તેઓએ સંસ્થાની પ્રવૃતિઓથી માહિતગાર કર્યા હતા. પ્રમુખ મનીષાબેન પંડયા અને મેને.ટ્રસ્ટી ઉમેશભાઈની શુભેચ્છા સંદેશની આદરપૂર્વક નોંધ લેવામાં આવી. વરિષ્ઠ સાહિત્યકાર ડો. કાલિન્દી પરીખ , શિક્ષણવિદ રવજીભાઈ કાચાની વિશેષ ઉપસ્થિતિ અને ગ્રામ્ય વિસ્તારમાંથી પ્રથમ વખત આવેલ લેખિકા ચંદ્રિકા રંગપરિયાની ઉત્સાહભેર હાજરી એમના કાવ્ય પાઠ સહિત અમરેલી પંથકનાં સર્જકો સર્વ ડો. કેતન કાનપરિયા, નિખિલ વસાણી, સલીમ શેખ, કનુભાઈ લીંબાસિયા, ફિરોઝ હસનાની, શીલા મહેતા, યોગેશ ભટ્ટ, ડો. ગોપી રાઠોડ, રોહિણીબેન જોષી, હસમુખ મહેતા, કે.પી. પંડયા, સહિતનાએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. વાર્તા કાવ્યમાં સત્વ તત્વ વિશે સંવાદ થયો હતો. ભાવક સર્વ જીતુભાઈ જોટાસણા, ચિંતન સોની, સુરેશભાઈ મહેતા શાસ્ત્રીજી, કોકિલાબેન ગોંડલીયા, સી .ડી. ગોંડલીયા, નીતિન પીઠડીયા, ઈતેષ મહેતા, મુકુંદભાઈ મહેતા, મનીષ રામાણી સહિત ઉપસ્થિત સહુ કોઈ સાહિત્યિક માહોલમાં રસ તરબોળ થયા હતા. વિશેષમાં રંગભૂમિ કલાકાર ભાવક ઉમેશ ચાવડાએ નાટય સંવાદ એમની આગવી પઠન શૈલીમાં રજૂ કરી બેઠકને એક ગરિમામય ઊંચાઈ પર લઈ ગયા હતા. સાહિત્ય ગોષ્ઠિની આ બેઠક સર્વ સંચાલિત હતી. પોતીકા પરિવારની આ ગોષ્ઠિમાં સહુ ભાવપૂર્વક જોડાયા હતા. પરેશ મહેતાએ સહુને પોતાની વાત રજૂ કરવા ઉત્સાહિત કર્યા. કેતન જોષીએ શુભેરછાઓ પાઠવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું ગીરમાં કરાર આધારિત

બીમારીઓના કેસો સામે આવી રહ્યા છે. ત્યારે બીજી તરફ વન્યજીવ સારવાર વ્યવસ્થાને મોટો ઝટકો લાગ્યો છે. ગીર અને આસપાસની વિવિધ વન વિભાગોની હોસ્પિટલ તથા રેસ્ક્યુ સેન્ટરોમાં ફરજ બજાવતા કરાર આધારિત ૧૨ વેટરનરી ડોક્ટરોએ પોતાના પદ પરથી રાજીનામા આપી દીધા હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ જૂનાગઢ, ગીર પશ્ચિમ, ગીર પૂર્વ, સક્કરબાગ અને શેત્રુંજી ડિવિઝનમાં ફરજ બજાવતા આ પશુ ચિકિત્સકોએ તા. ૧૫ મેના રોજ સત્તાવાર રીતે રાજીનામા રજૂ કર્યા હતા. કરારની શરતો મુજબ તેઓ એક મહિનાનો નોટિસ પીરિયડ પૂર્ણ કર્યા બાદ તા. ૧૫ જૂનથી વિધિવત રીતે ફરજ મુકત થશે.

સૂત્રોના જણાવ્યા મુજબ તાજેતરમાં જાહેર કરાયેલી કાયમી વેટરનરી ભરતીમાં વર્ષોથી કરાર આધારિત સેવા આપતા ડોક્ટરોના અનુભવને યોગ્ય પ્રાધાન્ય ન મળતા ડોક્ટરોમાં ભારે અસંતોષ ફેલાયો હતો. લાંબા સમયથી ગીર વિસ્તારમાં જોખમી પરિસ્થિતિમાં સેવા આપતા ડોક્ટરોને ભરતી પ્રક્રિયામાં કોઈ વિશેષ લાભ ન મળતા અંતે તેમણે સામૂહિક રીતે રાજીનામાનો માર્ગ અપનાવ્યો હોવાનું જાણવા મળે છે.

ગીર જંગલ એ એશિયાટિક સિંહોનું એકમાત્ર કુદરતી નિવાસસ્થાન માનવામાં આવે છે. અહીં સિંહો ઉપરાંત દીપડા અને અન્ય વન્ય પ્રાણીઓ માટે સતત મોનીટરીંગ અને તાત્કાલિક સારવારની જરૂર રહેતી હોય છે. ખાસ કરીને છેલ્લા કેટલાક સમયમાં CDV અને બેબસીયા જેવા ચેપજન્ય રોગોના ખતરા વચ્ચે અનુભવી વેટરનરી સ્ટાફની અછત સર્જાશે તો વન વિભાગ માટે મુશ્કેલીઓ વધી શકે છે તેવી ચર્ચા ઉઠી છે.

વન્યજીવ નિષ્ણાતોનું માનવું છે કે ગીર વિસ્તારમાં ફરજ બજાવતા ડોક્ટરો પાસે સિંહોની સારવાર, રેસ્ક્યુ, ટ્રેન્કિવલાઈઝેશન અને રોગચાળો નિયંત્રણનો વિશેષ અનુભવ છે. એક સાથે ૧૨ ડોક્ટરોની વિદાયથી સારવાર કામગીરી, સેમ્પલિંગ, રોગ નિદાન અને ઈમરજન્સી રેસ્પોન્સ પર સીધી અસર પડી શકે છે.

બીજી તરફ વન વિભાગ દ્વારા વિકલ્પરૂપ વ્યવસ્થા ગોઠવવા માટે પ્રયત્નો હાથ ધરાયા હોવાનું જાણવા મળે છે. ખાલી પડનારી જગ્યાઓ માટે નવી નિમણૂક અથવા અન્ય ડિવિઝનમાંથી ડોક્ટરોની તાત્કાલિક બદલી કરવાની શક્યતાઓ પણ ચર્ચાઈ રહી છે. જોકે હાલ રાજીનામાની ઘટનાએ ગીરના સિંહોની આરોગ્ય સુરક્ષા અંગે અનેક પ્રશ્નો ઉભા કર્યા છે.

સંકુલ ધો.૧૧-૧૨ પ્રવેશ ચાલુ
ધો. ૧૧-૧૨ સાયંસ ગર્લ્સ બપોર
ધો. ૧૧-૧૨ સાયંસ મિશ્ર સવાર
ધો. ૧૧-૧૨ સાયંસ EM સવાર
ધો. ૧૧-૧૨ કોમર્સ ગર્લ્સ બપોર
ધો. ૧૧-૧૨ કોમર્સ મિશ્ર સવાર
ધો. ૧૧-૧૨ કોમર્સ EM સવાર
ધો. ૧૧-૧૨ આર્ટસ ગર્લ્સ બપોર
ધો. ૧૧-૧૨ આર્ટસ મિશ્ર સવાર
ધો. ૧૧-૧૨ Bio - Maths ગ્રુપ
ધો. ૧૧-૧૨ EM- GM મિડીયમ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી.- Ad 082

## પાના ૮ ઉપરનું ચાલું અપમૃત્યુનાં ૪ બનાવો નોંધાયા

નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ત્રીજા બનાવમાં બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે રહેતા દિવાળીબેન પોપટભાઈ દુધાત નામનાં ૬૫ વર્ષીય વૃધ્ધાને ડાયાબીટીસ બ્લડપ્રેશરની બીમારી હોય જેથી કંટાળી જઈ ગત તા. ૨૫નાં બપોરનાં આશરે બારેક વાગ્યે કોટડાપીઠા ગામે પોતાના ઘરે અનાજમાં નાખવાનાં ઝેરી ટીકડા પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

જયારે ચોથા અને અંતિમ બનાવમાં બગસરા તાલુકાનાં મોટા મુંજીયાસર ગામે રહેતા રતિલાલ પરશોતમભાઈ પાનસુરીયા નામનાં ૫૫ ખેડૂત ગત તા. ૧૬નાં રાત્રીનાં આશરે સાડા આઠેક વાગ્યે બગસરા ગામે આવેલ અટલજી પાક પાસેથી મોટર સાયકલ લઈને પસાર થતાં હતા. ત્યારે મોટર સાયકલ આડે અચાનક કુતરૂ આડુ પડતા તે મોટર સાયકલ ઉપરથી અકસ્માતે નીચે પડી જતા માથા તથા શરીરે ઈજાઓ થતા સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં સિવિલ હોસ્પિટલ પાછળનો માર્ગ

પત્રમાં વધુમાં જણાવેલ છે કે, અમરેલી શહેરની મધ્યમાં આવેલ અમરેલી સિવિલ હોસ્પિટલની બાજુમાં બનાવવામાં આવેલ સીસી રોડ અત્યંત નબળી ગુણવત્તાનો બનાવવામાં આવ્યો હોવાનું સ્પષ્ટ રીતે જોવા મળી રહ્યું છે.

આ રોડ બન્યાને થોડોક સમય જ થયો હોવા છતાં રોડમાં તિરાડો પડવા, કોંક્રિટ ઉખડવા અને સપાટી બેસી જવાની સ્થિતિ સર્જાઈ છે જે સીધી રીતે કામમાં થયેલી ગંભીર બેદરકારી અને ભ્રષ્ટાચાર તરફ ઈશારો કરે છે. શહેરના મધ્ય માગમાં અને રોજ હજારો લોકોની અવરજવર ધરાવતા વિસ્તારમાં આ પ્રકારનું ભંગાર કામ થવું અત્યંત શરમજનક બાબત છે. જનતાના ટેકસના પૈસાનો ખુલ્લેઆમ બગાડ કરીને માત્ર કાગળ ઉપર વિકાસ બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય તેવી લોકોમાં ભારે ચર્ચા ચાલી રહી છે. આવા કામો જનતાના વિશ્વાસ સાથે છેતરપિંડી સમાન છે.

જેથી સમગ્ર રોડ કામની ઉચ્ચસ્તરીય અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, રોડમાં વપરાયેલ મટીરિયલનાં સેમ્પલની લેબ ટેસ્ટ જાહેર કરવામાં આવે, જવાબદાર કોન્ટ્રાકટર, એન્જિનિયર અને સંબંધિત અધિકારીઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે, નબળી ગુણવત્તાવાળો રોડ તાત્કાલિક તોડી ફરીથી ગુણવત્તાસભર બનાવવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લા પોલીસે

તમામ પુરાવાના આધારે કેસની કાર્યવાહી આગળ વધી હતી.

બાદમાં જિલ્લા કલેકટર કચેરી સમક્ષ નામ સુધારવા માટે રી–અપીલ દાખલ કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ દ્વારા પણ જિલ્લા કલેકટરને રિપોર્ટ મોકલી રક્ષાબેનને ન્યાય મળે તે માટે ભલામણ કરવામાં આવી હતી. જેના આધારે જિલ્લા કલેકટરે અગાઉના વારસાઈ હુકમમાં જરૂરી સુધારો કરીને રક્ષાબેનના હિસ્સાની ૧૧ વીઘા જમીનના તમામ વારસાઈ હક્કો પરત આપવાનો હુકમ કર્યો હતો.

આ સમગ્ર કેસમાં રી–અપીલ દાખલ કરનાર વકીલ પરેશભાઈ તળાવીયાએ પણ કોઈપણ પ્રકારની ફી લીધા વગર મહિલાને કાયદાકીય સહકાર આપ્યો હોવાનું જાણવા મળ્યું છે.

આ બનાવને લઈને અમરેલી જિલ્લા પોલીસ દ્વારા જણાવાયું હતું કે પોલીસ અને પ્રજા વચ્ચે વિસ વધે તેમજ મહેસૂલ વિભાગ સહિતના અન્ય વિભાગોના સહકારથી નાગરિકોને ઝડપી ન્યાય મળે તે દિશામાં કાર્ય કરવામાં આવી રહ્યું છે. ભવિષ્યમાં પણ વ્યાજખોરી, જમીન વારસાઈ, છેતરપિંડી સહિતના કેસોમાં પીડિતોને સંવેદનશીલતાથી મદદરૂપ થવા સમગ્ર જિલ્લા પોલીસ તંત્ર પ્રતિબદ્ધ હોવાનું જણાવાયું છે.

## અનુકૂળ હવામાન અને ખેડૂતોની મહેનત સફળ

## ભૈ વાહ : અમરેલી જિલ્લામાં તલની બમ્પર આવકથી ખેડૂતોમાં ખુશીનો માહોલ

### સફેદ તલનો ભાવ પ્રતિ મણ ૨૩૦૦થી ૨૫૦૦ સુધી



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં આ વર્ષે ઉનાળુ તલનાં પાકની બમ્પર આવક જોવા મળી રહી છે. જિલ્લામાં અંદાજે ૫૫ હજાર હેકટરથી વધુ વિસ્તારમાં તલનું વાવેતર કરવામાં આવ્યું હતું. અને અનુકૂળ હવામાન તેમજ ખેડૂતોની મહેનતનાં કારણે સારૂ ઉત્પાદન મળતા વિવિધ કૃષિ યાર્ડોમાં તલની મોટી આવક શરૂ થઈ છે. સારા ભાવ મળતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લાનાં અમરેલી, બગસરા, સાવરકુંડલા, રાજુલા સહિતનાં રોજ મોટી સંખ્યામાં તલની આવક થઈ રહી છે. વેપારીઓ અને નિકાસકારો તરફથી માંગ વધતા સફેદ તલનાં ભાવ પ્રતિ મણ અંદાજે રૂા. ૨૩૦૦થી ૨૫૦૦ સુધી નોંધાઈ રહ્યા છે. જયારે ગુણવત્તાસભર કાળા તલનાં ભાવ રૂા. ૩૦૦૦ થી ૩૫૦૦ સુધી પહોંચતા ખેડૂતોને સારો નફો મળી રહ્યો છે.

ખેડૂતોએ જણાવ્યું હતું કે, યોગ્ય વરસાદ, સમયસર વાવેતર અને જીવાત નિયત્રણનાં કારણે આ વર્ષે પાકની ગુણવતા સારી રહી છે. કૃષિ નિષ્ણાતોના જણાવ્યા મુજબ તલની માંગ સ્થાનિક બજાર ઉપરાંત નિકાસક્ષેત્રમાં પણ વધતી હોવાથી ખેડૂતોને આગામી સમયમાં પણ સારા ભાવ મળવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## પાના ૮ ઉપરનું ચાલું રાજુલામાં આગામી દિવસોમાં

તબક્કાની કામગીરી ચાલી રહી છે.

આ બાબતે એજન્સીના સુપરવાઈઝર પ્રકાશભાઈ વાણિયાએ જણાવ્યું હતું કે ચારેય પાણીના સંપનું કામ પૂર્ણતાના આરે છે. હાલમાં કલરકામ ચાલી રહ્યું છે. ત્યારબાદ પાણીની મોટર સહિતની ટેકિનકલ કામગીરી પૂર્ણ કરી ટૂંક સમયમાં નગરપાલિકાને હસ્તાંતર કરવામાં આવશે.

ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, રવુભાઈ ખુમાણ તથા પાલિકા પ્રમુખ પ્રતિનિધિ મયુરભાઈ દવેએ જણાવ્યું હતું કે રાજુલા શહેરનો પાણી પ્રશ્ન કાયમી રીતે ઉકેલાય તે માટે સતત સરકારમાં રજૂઆતો કરવામાં આવી હતી. જેના પરિણામે આ મહત્વપૂર્ણ યોજના સાકાર બની રહી છે.

માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલે જણાવ્યું હતું કે ''નલ સે જલ'' યોજના અંતર્ગત બનેલા ચાર નવા પાણીના સંપથી આગામી સમયમાં રાજુલા શહેરમાં બે–ત્રણ દિવસે નિયમિત પાણી વિતરણ શકય બનશે અને પાણીની તંગીમાંથી લોકોને મોટી રાહત મળશે.

## પાના ૧ ઉપરનું ચાલું એમઆરપીનાં નામે ગ્રાહકોને

બ્રાન્ડેડ ૩ લિટરનું ઈલેકિટ્રક ગીઝર, જે બજારમાં રૂપિયા ૨,૭૦૦માં મળે છે. જયારે તેના પેકિંગ ઉપર એમઆરપી રૂપિયા ૬,૭૦૦ છાપેલી છે. તેવીજ રીતે જીવન આવશ્યક દવા જે હોલસેલમાં રૂપિયા ૮માં ૧૦ ગોળીનું પેકિંગ મળે છે જયારે તેના ઉપર એમઆરપી રૂપિયા ૧૨૦ની છાપેલી હોય છે. દીવાઓ સામાન્ય રીતે મેડીકલ સ્ટોર ઉપર એમઆરપી થી જ મળે છે , કોઈક ઓળખીતા વેપારી ૧૦% વળતર પણ આપે તો પણ તેની વાસ્તવિક કિંમતથી કેટલી મોટી લૂંટ. આવા તો અનેક ઉદાહરણો પાડયા છે.

અખિલ ભારતીય ગ્રાહક પંચાયતની કેન્દ્ર સરકારને રજૂઆત છે કે, અનિયંત્રિત નફાખોરીને રોકવા માટે તાત્કાલિક અસરથી કડક કાયદો બનાવવામાં આવે. એમઆરપી કેટલી હોવી જોઈએ તેની એક પારદર્શી મર્યાદા નક્કી કરવામાં આવે જેથી સામાન્ય જનતા અને ગ્રાહકોને આ સંગઠિત લૂંટમાથી રાહત મળી શકે.

આવેદનપત્ર આપતી વખતે ગ્રાહક પંચાયતનાં અમરેલી જિલ્લાનાં સહ સંયોજક જગત કોટેચા તથા સંજયભાઈ અગ્રાવત અને અન્ય કાર્યકર્તાઓએ હાજર રહી રજૂઆત કરી હતી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૬૫ | ૧૩૨૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૧૭૫ | ૧૩૨૫ |
| ૩ | શિંગ મોટી | ૧૦૭૦ | ૧૫૬૦ |
| ૪ | શિંગદાણા | ૧૫૮૦ | ૧૮૫૫ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૪૩૫ |
| ૭ | તલ કાળા | ૨૦૪૦ | ૩૫૩૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૪૫૦ | ૨૨૯૦ |
| ૯ | જુવાર | ૩૨૦ | ૯૨૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૬૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૨૫ | ૪૯૫ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૬૮૦ |
| ૧૩ | અડદ | ૧૧૬૦ | ૧૫૩૦ |
| ૧૪ | ચણા | ૯૦૫ | ૧૧૯૦ |
| ૧૫ | ચણા દેશી | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૭૫ | ૧૧૪૦ |
| ૧૭ | છોલે ચણા | ૧૩૬૦ | ૧૩૬૦ |
| ૧૮ | ચોળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૯ | તુવેર | ૮૮૦ | ૧૫૧૦ |
| ૨૦ | વાલ | ૯૬૫ | ૯૬૫ |
| ૨૧ | કપાસ | ૧૧૩૦ | ૧૯૭૦ |
| ૨૨ | એરંડા | ૧૦૫૦ | ૧૨૯૦ |
| ૨૩ | જીરૂ | ૨૭૬૦ | ૩૮૫૫ |
| ૨૪ | રાય | ૧૨૪૦ | ૧૪૯૦ |
| ૨૫ | ધાણા | ૨૪૭૦ | ૨૪૭૦ |
| ૨૬ | ધાણી | ૨૦૦૦ | ૨૫૫૦ |
| ૨૭ | મેથી | ૧૧૫૫ | ૧૨૦૫ |
| ૨૮ | સોયાબીન | ૧૧૪૦ | ૧૪૫૫ |
| ૨૯ | સુવાદાણા | ૧૩૯૫ | ૧૩૯૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૫૮૬ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૬૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૧૧ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૩૫૪૦ |
| ૫ | જીરૂ | ૨૯૦૦ | ૩૫૫૧ |
| ૬ | કપાસ | ૧૫૫૦ | ૧૮૩૬ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૪૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૪૦ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૧૦૧૫ |
| ૧૧ | મકાઈ | ૪૦૦ | ૪૪૦ |
| ૧૨ | મગ | ૧૫૫૦ | ૧૭૩૬ |
| ૧૩ | અડદ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ૧૪ | ચણા | ૧૧૦૦ | ૧૧૭૫ |
| ૧૫ | દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ૧૬ | તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૧૭ | એરંડી | ૧૨૦૦ | ૧૨૭૦ |
| ૧૮ | મેથી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૧૯ | રાય/રાયડો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૨૦ | ધાણા | ૨૦૦૦ | ૨૫૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૪૦ | ૧૮૬૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૪૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૨૧૫ | ૧૩૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૪૪૦ | ૨૩૫૦ |
| ૫ | તલ કાળા | ૨૬૨૫ | ૩૩૧૫ |
| ૬ | જીરૂ | ૨૭૩૦ | ૩૮૫૦ |
| ૭ | ચણા | ૧૧૦૦ | ૧૧૪૦ |
| ૮ | ઘઉં | ૪૭૦ | ૫૧૦ |
| ૯ | એરંડા | ૧૦૭૦ | ૧૨૦૦ |
| ૧૦ | મગ | ૧૪૪૦ | ૧૬૫૦ |
| ૧૧ | તુવેર | ૧૧૨૫ | ૧૪૦૫ |
| ૧૨ | ધાણા | ૧૬૨૦ | ૨૩૯૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૭૭૦ |
| ૨ | મગફળી | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૬૭ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૫૦ |
| ૫ | તુવેર | ૯૦૦ | ૧૩૦૧ |
| ૬ | ચણા | ૧૦૭૧ | ૧૧૦૩ |
| ૭ | ચણા સફેદ | ૧૦૮૨ | ૧૦૮૨ |
| ૮ | જીરૂ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ૯ | મેથી | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૧૦ | રાયડો | ૧૦૪૫ | ૧૦૪૫ |
| ૧૧ | સોયાબીન | ૧૧૨૫ | ૧૫૫૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૭૪૦ | ૨૨૬૦ |
| ૧૩ | લસણ | ૫૨૦ | ૫૨૦ |
| ૧૪ | ધાણા | ૨૧૬૦ | ૨૩૫૦ |
| ૧૫ | શીંગ દાણા | ૧૬૫૦ | ૧૮૫૦ |
| ૧૬ | તલ કાળા | ૧૪૦૦ | ૨૯૩૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૪૫૧ |
| ૩ | ઘઉં લોકવન | ૪૨૬ | ૪૫૧ |
| ૪ | ચણા | ૯૩૫ | ૧૧૩૫ |
| ૫ | તુવેર | ૧૦૦૦ | ૧૪૦૫ |
| ૬ | ધાણા | ૨૦૧૦ | ૨૩૭૫ |
| ૭ | તલ સફેદ | ૧૬૬૦ | ૨૩૦૦ |
| ૮ | તલ કાળા | ૧૯૬૦ | ૩૨૦૦ |
| ૯ | મગ | ૧૫૦૦ | ૧૬૦૫ |
| ૧૦ | કલોંજી | ૧૫૦૧ | ૨૮૦૦ |
| ૧૧ | રાઈ | ૧૩૧૩ | ૧૩૧૩ |
| ૧૨ | જીરૂ | ૩૦૨૫ | ૩૦૨૫ |
| ૧૩ | જુવાર | ૬૮૫ | ૬૮૫ |
| ૧૪ | બાજરો | ૨૫૦ | ૩૦૦ |
| ૧૫ | શીંગ દાણા | ૧૭૦૦ | ૧૮૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૨૫ | ૧૧૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૦૦૧ | ૨૮૫૦ |
| ૩ | તલ કાળા | ૨૦૦૦ | ૩૨૦૦ |
| ૪ | કપાસ | ૧૪૬૦ | ૧૭૯૧ |
| ૫ | બાજરો | ૩૫૦ | ૫૨૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૮૦ |
| ૭ | જુવાર | ૪૫૦ | ૧૦૩૦ |
| ૮ | મકાઈ | ૪૪૦ | ૪૭૩ |
| ૯ | મગ | ૧૨૫૦ | ૧૬૨૧ |
| ૧૦ | અડદ | ૧૩૫૧ | ૧૫૫૧ |
| ૧૧ | તુવેર | ૧૦૧૮ | ૧૨૦૦ |
| ૧૨ | ચણા | ૭૫૦ | ૧૦૯૧ |
| ૧૩ | એરંડી | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ૧૪ | ધાણા | ૧૯૦૦ | ૨૦૦૧ |
| ૧૫ | મેથી | ૮૦૧ | ૧૩૦૦ |
| ૧૬ | સોયાબીન | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ૧૭ | રાય | ૧૩૫૦ | ૧૪૨૧ |

# સાવરકુંડલા-લીલીયાને 'ફાટક મુકત' કરવા ધારાસભ્ય કસવાલાએ રેલ્વેના ઉચ્ચ અધિકારીઓ સાથે કર્યુ સ્થળ નિરીક્ષણ






સાવરકુંડલા–લીલીયા વિધાનસભા વિસ્તારની જનતાને વર્ષો જૂની ટ્રાફિક અને રેલ્વે ફાટકની સમસ્યામાંથી કાયમી મુકિત અપાવવા માટે સ્થાનિક ધારાસભ્ય દ્વારા એક મોટું અને પ્રશંસનીય કદમ ઉઠાવવામાં આવી રહ્યું છે. આજ રોજ ધારાસભ્યએ રેલ્વે વિભાગના ઉચ્ચ ટેકનિકલ અધિકારીઓ અને એન્જિનિયરોની ટીમને સાથે રાખીને સાવરકુંડલા તથા લીલીયા રેલ્વે ફાટોકોની રૂબરૂ મુલાકાત લીધી હતી અને આ વિસ્તારોને 'ફાટક મુકત' બનાવવા તરફ ગંભીરતાપૂર્વક આગળ વધ્યા છે. આ બ્રિજ નિર્માણની શક્યતાઓ મુલાકાત દરમિયાન રેલ્વે ક્રોસિંગ પર વાહનોની દૈનિક સંખ્યા અને ટ્રાફિકની ગંભીરતાને પ્રયાને લઈ, ત્યાં ઓવરબ્રિજ અથવા અંડરબ્રિજ બનાવવા અંગે સ્થળ પર જ ટેકનિકલ નકશાઓ સાથે સમીક્ષા કરવામાં આવી હતી. આ ફાટકો મુકત થવાથી દરરોજ પસાર થતા હજારો નાગરિકો, નોકરિયાતો, વિદ્યાર્થીઓ અને ખાસ કરીને કટોકટીના સમયે એમ્બ્યુલન્સ સેવાઓને કલાકો સુધી અટવાઈ રહેવું નહીં પડે. આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટને વહેલી તકે મંજૂરી મળે તે માટે રાજય સરકાર અને કેન્દ્રના રેલ્વે મંત્રાલય વચ્ચે જરૂરી સંકલન સાધીને આગળની કાર્યવાહી યુધ્ધના ધોરણે શરૂ કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. ધારાસભ્યએ મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે મારા મતવિસ્તારના નાગરિકોની સુખાકારી, સમયની બચત અને સુરક્ષાએ મારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. સાવરકુંડલા અને લીલીયાના રેલ્વે ફાટકોને કારણે વેપાર–રોજગાર અને ટ્રાફિકને મોટી અસર થતી હતી. આજે રેલ્વે પ્રશાસન સાથેની આ બેઠક અને સર્વે ખૂબ જ હકારાત્મક રહ્યા છે. અમે ખૂબ જ ટૂંક સમયમાં આ પંથકને ફાટક મુકત કરીને વિકાસની નવી ગતિ આપીશું. આ તકે સ્થાનિક અગ્રણીઓ, સામાજિક કાર્યકરો, નગરપાલિકા, જિલ્લા પંચાયત./તાલુકા પંચાયતના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક વેપારીઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. જનતાની વર્ષો જૂની પીડા સમજીને તેના કાયમી નિવારણ માટે ધારાસભ્ય દ્વારા લેવાયેલા આ ત્વરિત અને સક્રિય પગલાને સમગ્ર સાવરકુંડલા–લીલીયા પંથકની જનતાએ ખુલ્લા દિલથી આવકારી આભાર વ્યકત કર્યો છે.

### પોલીસની પ્રશંસનીય કામગીરી

## લીલીયા મોટા : પાંચ તલાવડા ગામનો ૭૦ વર્ષ જૂનો જમીન વિવાદ સુખદ રીતે ઉકેલાયો

### એસ.પી. અને ડી.વાય.એસ.પી.ના માર્ગદર્શન હેઠળ મેળવાયો સુખદ ઉકેલ



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા પોલીસ વડા (એસ.પી.) સંજય ખરાતની સૂચના અને ડી.વાય.એસ.પી. (DySP) વિરલ ચંદનના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં જમીન સંબંધી કૌટુંબિક અને અન્ય વિવાદોનો શાંતિપૂર્ણ અને સુખદ અંત લાવવા માટે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત લીલીયા પોલીસ સ્ટેશન દ્વારા એક પ્રશંસનીય કામગીરી કરીને બન્ને પક્ષ વચ્ચે આશરે સાત દાયકા જૂના જમીન વિવાદનો કાયમી નિકાલ કરવામાં આવ્યો છે. લીલીયા તાલુકાના પાંચ તલાવડા ગામે રહેતા અરજદાર હિતેશભાઈ વિરડીયાએ લીલીયા પોલીસ સ્ટેશનમાં એક અરજી આપી હતી. તેમની સંયુકત ખાતાની આશરે ૭૨ વીઘા ખેતીની જમીનના ભાગ પાડવા બાબતે તેમના જ પરિવાર સાથે છેલ્લા ૭૦ વર્ષથી કૌટુંબિક વાદ–વિવાદ ચાલી રહ્યો હતો. પેઢીઓથી ચાલતા આ વિવાદના કારણે પરિવારમાં અશાંતિનો માહોલ હતો. આ સંવેદનશીલ મામલો જયારે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.ડી. સાળુંકે પાસે આવ્યો, ત્યારે તેમણે કાયદાકીય ગૂંચવણો વગર પરિવારમાં સુમેળભર્યુ વાતાવરણ બને તેવા પ્રયાસો હાથ ધર્યા હતા. પી.આઈ. સાળુંકેએ સેપ્રથમ અરજદાર હિતેશભાઈ વિરડીયાની રજૂઆતને પ્રયાનપૂર્વક સાંભળી હતી.ત્યારબાદ સામા પક્ષના હસમુખભાઈ રામજીભાઈ વિરડીયા (રહે. પાંચ તલાવડા)ને પોલીસ સ્ટેશન ખાતે બોલાવવામાં આવ્યા હતા. પોલીસે બંને પક્ષોને સામસામે બેસાડી, કાયદાકીય અને સામાજિક પાસાઓ સમજાવીને ખૂબ જ સકારાત્મક કાઉન્સેલિંગ કર્યુ હતું. અને ૭૦ વર્ષના કૌટુંબિક વિવાદનો સુખદ અંત લીલીયા પોલીસની સમજાવટ અને યોગ્ય મધ્યસ્થતાના પરિણામે બંને પક્ષો વચ્ચે ચાલી આવતો ૭૦ વર્ષ જૂનો કૌટુંબિક જમીન વિવાદ ક્ષણભરમાં શમી ગયો હતો અને બંને પક્ષો પરસ્પર સંમતિથી સુખદ સમાધાન માટે તૈયાર થયા હતા. વર્ષો જૂના આ વિવાદનો કાયમી અને શાંતિપૂર્ણ ઉકેલ આવતા અરજદાર હિતેશભાઈ વિરડીયા તથા સામા પક્ષના હસમુખભાઈ વિરડીયાએ હર્ષની લાગણી વ્યકત કરી હતી. બંને પક્ષોએ અમરેલી એસ.પી. સંજય ખરાત, ડી.વાય.એસ.પી. વિરલ ચંદન અને લીલીયા પોલીસ સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને 'પોલીસ પ્રજાનો મિત્ર છે' એ ઉકિતને સાચા અર્થમાં સાર્થક કરવા બદલ પોલીસની કામગીરીને બિરદાવી હતી. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### વધુ ઉત્પાદન માટે રાસાયણિક ખાતર અને ઝેરી દવાઓનો ઉપયોગ બંધ થાય તેવા ઉદ્દેશ સાથે

## ચલાલાના ખેડૂતે કેન્સરની અસરનાં વ્યકિતગત અનુભવનાં આધારે પ્રાકૃતિક ખેતી અપનાવી

### એક મોસમમાં એક વીઘામાં એક લાખની આવક સાથે ઝેર મુકત શાકભાજીનો સંકલ્પ




ચલાલા, તા.૨૭

ચલાલા ગામના પ્રગતિશીલ ખેડૂત નિકુલભાઈ કાથરોટીયાએ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવી સમાજ માટે પ્રેરણાદાયક ઉદાહરણ પૂરૂં પાડયું છે. કેન્સરની અસરનો વ્યક્તિગત અનુભવ થયા બાદ તેમણે પોતાના આરોગ્ય સાથે લોકોના આરોગ્યની ચિંતા કરતાં સંપૂર્ણપણે ઝેરમુક્ત અને કુદરતી ખેતી તરફ વળવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. આજે તેઓ પોતાની ૧૭ વીઘા જમીનમાં વિવિધ શાકભાજી અને પાકનું સંપૂર્ણ પ્રાકૃતિક રીતે ઉત્પાદન કરી રહ્યા છે.

તેઓએ ગ્રેજયુએટ સુધી અભ્યાસ કર્યો છે અને પરંપરાગત ખેતી કરતાં અલગ દિશામાં આગળ વધીને ગાય આધારિત ખેતી પદ્ધતિ અપનાવી છે. હાલ તેઓ પોતાના ખેતરમાં ગુવાર, મકાઈ, ભીંડા, ચીભડા, મરસા, કોથમીર, ગાજર, રીંગણ સહિત અનેક પ્રકારના શાકભાજી પાકનું ઉત્પાદન કરી રહ્યા છે. ખાસ વાત એ છે કે આ તમામ પાકમાં કોઈપણ પ્રકારના રાસાયણિક ખાતર કે ઝેરી દવાઓનો ઉપયોગ કરવામાં આવતો નથી. માત્ર ગાય આધારિત જીવામૃત, ઘન જીવામૃત અને કુદરતી પદ્ધતિઓ દ્વારા પાક તૈયાર કરવામાં આવી રહ્યો છે.હાલમાં ખેતરમાં ગુવારનું મોટા પ્રમાણમાં વાવેતર કરવામાં આવ્યું છે અને તેનું ઉત્પાદન સીધું બજારમાં મોકલવામાં આવી રહ્યું છે. તેઓના જણાવ્યા અનુસાર, એક સિઝનમાં વિઘે ૧ લાખ રૂપિયા સુધીનું ઉત્પાદન મળી રહે છે, જયારે ખર્ચ ખૂબ જ ઓછો રહે છે. કુદરતી ખેતીથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે અને ઉત્પાદન ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો થાય છે.

તેઓએ જણાવે છે કે આજના સમયમાં ખેડૂતો વધુ ઉત્પાદન માટે રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓનો વધુ ઉપયોગ કરી રહ્યા છે, જેના કારણે લોકોના આરોગ્ય પર ગંભીર અસરો પડી રહી છે. આવી પરિસ્થિતિમાં શુદ્ધ અને ઝેરમુક્ત શાકભાજી લોકો સુધી પહોંચાડવાનો તેમનો મુખ્ય હેતુ છે. કેન્સરની બીમારીનો અનુભવ થયા બાદ તેમણે સમજયું કે શુદ્ધ ખોરાક અને પ્રાકૃતિક જીવનશૈલી જ આરોગ્ય માટે સૌથી મહત્વપૂર્ણ છે. ત્યારથી તેમણે ખેતીમાં સંપૂર્ણ પરિવર્તન લાવ્યું.

તેઓએ માત્ર ખેતી જ નહીં પરંતુ સમાજસેવાનું પણ કાર્ય કરી રહ્યા છે. નાના અને સામાન્ય વર્ગના લોકો સુધી સસ્તા ભાવે તાજું અને ગુણવત્તાયુક્ત શાકભાજી પહોંચે તે માટે તેઓ સીધું ખેતરમાંથી વેચાણ કરે છે. બજાર કરતાં સમાન અથવા ઓછા ભાવે ગ્રાહકોને ઝેરમુક્ત શાકભાજી મળી રહે તે માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

તેમની આ પહેલને લોકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. હાલ સ્થાનિક સ્તર ઉપરાંત રાજકોટ, અમદાવાદ, સુરત સહિતના શહેરોમાં પણ તેમની ખેતીથી ઉત્પાદિત શાકભાજીની માંગ વધી રહી છે.

ખેડૂતનું માનવું છે કે લોકો આરોગ્યમય જીવન જીવે અને દરેક સુધી શુદ્ધ ખોરાક પહોંચે તે માટે પ્રાકૃતિક ખેતી ખૂબ જરૂરી છે. તેઓ આગામી સમયમાં વધુ લોકોને આ ખેતીપદ્ધતિ સાથે જોડવાનો પણ સંકલ્પ વ્યક્ત કરી રહ્યા છે.

### કેન્દ્ર-બોર્ડને પાઠવી નોટિસ

## સુપ્રીમ કોર્ટનો CBSEની ધો.૯-૧૦માં '3 ભાષા ફોર્મ્યુલા' પર રોક લગાવવાનો ઈનકાર

### સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર-CBSE પાસેથી માંગ્યો જવાબ

નવી દિલ્હી, તા.૨૭

સુપ્રીમ કોર્ટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ધોરણ ૯ અને ૧૦ના અભ્યાસક્રમમાં ત્રણ ભાષા ફરજીયાત બનાવવાના નિર્ણય વિરુદ્ધની અરજી પર મોટો નિર્ણય લીધો છે. કોર્ટે ઝમ્જીઈના આ નિર્ણય પર રોક લગાવવાનો સ્પષ્ટ ઈક્રાર કરી દીધો છે. જોકે કોર્ટે કેન્દ્ર સરકાર અને સીબીએસઈને નોટિસ પાઠવીને જવાબ રજૂ કરવાનો પણ આદેશ આપ્યો છે. ઝમ્જીઈના નિર્ણય વિરુદ્ધમાં દાખલ કરાયેલી અરજી કહેવાયું છે કે, નવી ભાષા નીતિના કારણે વિદ્યાર્થીઓ પણ વધારાનું દબાણ વધી શકે છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેંચે સુનાવણી હાથ ધરી હતી. આ દરમિયાન અરજદારે કહ્યું કે, 'CBSEના આ નવા નિયમના કારણે વિદ્યાર્થીઓ પર વધારાનું દબાણ વધી શકે છે. હવે આ મામલે કોર્ટે કેન્દ્ર સરકાર અને CBSE પાસેથી જવાબ માંગ્યો છે. કોર્ટે આગામી સુનાવણી ૧૫ અથવા ૧૬ જુલાઈ હાથ ધરવાનો નિર્ણય લીધો છે.ઉલ્લેખનીય છે કે, CBSE દ્વારા ધોરણ ૯ અને ૧૦ના અભ્યાસક્રમમાં ભાષાઓની નીતિને લઈને મોટો ફેરફાર જાહેર કરવામાં આવ્યો છે. CBSE દ્વારા ૧૫ મે, ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા સત્તાવાર પરિપત્ર અનુસાર, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હવે ત્રણ ભાષાઓનો અભ્યાસ કરવો સંપૂર્ણપણે ફરજિયાત રહેશે. આ નવો નિયમ ૧ જુલાઈ, ૨૦૨૬થી દેશભરની તમામ CBSE સંલગ્ન શાળાઓમાં અમલી બની જશે. જો કે, વિદ્યાર્થીઓ પર ભણતરનો બોજ ન વધે તે માટે બોર્ડે ધોરણ-૧૦માં ત્રીજી ભાષાની બોર્ડ પરીક્ષામાંથી મુક્તિ આપી છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ના ભાગરૂપે લેવાયેલા આ નિર્ણયથી શાળાકીય શિક્ષણના માળખામાં મોટો બદલાવ આવશે.

અગાઉના અહેવાલોમાં એવું અનુમાન હતું કે આ ત્રણ ભાષાની ફોર્મ્યુલા ધોરણ-૬ થી તબક્કાવાર લાગુ કરીને ૨૦૩૦-૩૧ સુધીમાં ધોરણ-૧૦ સુધી લંબાવવામાં આવશે. પરંતુ બોર્ડે મે ૨૦૨૬ના આ પરિપત્ર દ્વારા ધોરણ-૯ અને ૧૦ માટેની સમયરેખા અને અમલીકરણને સ્પષ્ટ અને કાયદેસર રીતે મંજૂરી આપી દીધી છે.CBSE દ્વારા સુધારેલી ભાષા પદ્ધતિ હેઠળ, અભ્યાસક્રમમાં ત્રણ ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેને ઈ૧, ઈ૨ અને R3 તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. આ નવી સિસ્ટમમાં સૌથી મહત્વનો નિયમ એ છે કે, વિદ્યાર્થીએ પસંદ કરેલી ત્રણ ભાષાઓમાંથી ઓછામાં ઓછી બે ભાષાઓ મૂળ ભારતીય હોવી અનિવાર્ય છે.

### ગુજરાતના ખેડૂતો માટે સરકારનો મોટો નિર્ણય

## ખેડૂતોના હિતમાં તાર ફેન્સિંગ યોજનાના નિયમોમાં ફેરફાર કર્યો

અમદાવાદ,તા.૨૭

ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળ બેઠકમાં ખેતર ફરતે તાર ફેન્સિંગ યોજનાના નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફારોને મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયથી ખેડૂતોને પાકને પશુઓ અને વન્ય પ્રાણીઓથી થતા નુકસાન સામે વધુ સુરક્ષા મળશે.રાજ્યના કૃષિ અને પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, અગાઉ ખેડૂતોને તાર ફેન્સિંગ માટે પ્રતિ રનિંગ મીટર રૂ. ૨૦૦ અથવા કુલ ખર્ચના ૫૦ ટકા સુધી સહાય આપવામાં આવતી હતી. પરંતુ હાલ મટીરીયલ અને મજૂરીના ખર્ચમાં વધારો થતાં ખેડૂતો પર વધારાનો આર્થિક બોજ આવી રહ્યો હતો. તેને ધ્યાનમાં રાખીને હવે સરકાર દ્વારા પ્રતિ રનિંગ મીટર રૂ. ૩૦૦ અથવા વાસ્તવિક ખર્ચના ૫૦ ટકા સુધી સહાય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.યોજનામાં વધુ એક મહત્વપૂર્ણ રાહત પણ આપવામાં આવી છે. અગાઉ યોજનાનો લાભ લેવા માટે ઓછામાં ઓછી બે હેક્ટર જમીન ધરાવતું ક્લસ્ટર ફરજિયાત હતું. ઘણીવાર જૂથમાં સામેલ ખેડૂતો વચ્ચે સહમતી ન બનતાં નાના ખેડૂતો સહાયથી વંચિત રહી જતા હતા. હવે સરકારે આ મર્યાદા ઘટાડીને એક હેક્ટર કરી દીધી છે, જેથી નાના અને મધ્યમ ખેડૂતોને પણ સરળતાથી યોજનાનો લાભ મળી શકશે.આઈ-ખેડૂત પોર્ટલ પર અત્યાર સુધીમાં આશરે એક લાખ જેટલી અરજીઓ મળી ચૂકી છે. સરકાર દ્વારા ચોમાસા પહેલાં તબક્કાવાર તમામ અરજીઓની પ્રક્રિયા પૂર્ણ કરીને મંજૂરી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, જેથી ખેડૂતો સમયસર ફેન્સિંગનું કામ શરૂ કરી શકે.આ યોજના માટે રાજ્ય સરકારે રૂ. ૨૪૦ કરોડનું પ્રાથમિક ભંડોળ ફાળવ્યું છે. સરકારનું કહેવું છે કે જો જરૂર પડશે તો વધારાનું ભંડોળ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી વધુમાં વધુ ખેડૂતોને યોજનાનો લાભ મળી શકે.અગાઉ આ યોજના માટે અરજી કરવા આઈ-ખેડૂત પોર્ટલ વર્ષમાં માત્ર એક જ વખત ખુલતું હતું. પરંતુ આ વર્ષે વધુ ખેડૂતો સુધી યોજના પહોંચે તે માટે જરૂરિયાત મુજબ બીજી વખત પણ પોર્ટલ ખુલ્લું મૂકવાની તૈયારી સરકારે દર્શાવી છે. સરકારનો હેતુ ખેડૂતોને આર્થિક સુરક્ષા આપવાનો અને ખેતીને વધુ સુરક્ષિત બનાવવાનો છે.

### પ્રાકૃતિક કૃષિથી વધુ ઉત્પાદન મેળવવાનો શ્રેષ્ઠ માર્ગ

## ચોમાસુ મગફળીનું આગોતરૂ વાવેતર મે નાં અંતથી જુન નાં અંત સુધીમાં કરવું જોઈએ

### વાવણી લાયક વરસાદ થાય તો ૧૫ થી ૩૦ જુન સુધીમાં વાવેતર શ્રેષ્ઠ

અમરેલી, તા.૨૭

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકો ડો.જે.એચ. ચૌધરી અને ડો.વી.બી.રાઠોડના સંશોધન મુજબ, પ્રાકૃતિક કૃષિમાં બીજ સંવર્ધનની આધુનિક પદ્ધતિઓ અપનાવીને ચોમાસું મગફળીનું ગુણવત્તાયુક્ત અને જોખમમુક્ત મહત્તમ ઉત્પાદન મેળવી શકાય છે.ચોમાસું મગફળીનું વાવેતર મુખ્યત્વે ત્રણ તબક્કામાં થાય છે, જેમાં આગોતરા વાવેતર માટે મે માસના અંતથી જૂનના પ્રથમ અઠવાડિયા સુધીમાં પિયત આપીને, સમયસરના વાવેતર માટે ૧૫ થી ૩૦ જૂન દરમિયાન વરસાદ થતાં જ ઉભડી, અર્ધ વેલડી કે વેલડી જાતોનું, અને જો વરસાદ મોડો એટલે કે જુલાઈ માસમાં થાય તો માત્ર ઉભડી જાતોનું વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે.

વધુમાં, મગફળીના પ્રકાર મુજબ વાવણીનું અંતર અને બિયારણનો દર જાળવવો ખૂબ જ જરૂરી છે, જેમ કે ઉભડી જાતો માટે ૪૫ × ૧૦ સે.મી. અંતરે હેકટરદીઠ ૧૦૦ કિ.લો, અર્ધ વેલડી માટે ૬૦ × ૧૦ સે.મી. અંતરે હેકટરદીઠ ૧૨૦ કિ.લો, અને વેલડી જાતો માટે ૭૫ × ૧૦ સે.મી.ના અંતરે હેકટરદીઠ ૧૦૦થી ૧૧૦ કિ.લો બિયારણનો દર રાખવો જોઈએ.

પાકને જમીનજન્ય રોગોથી બચાવવા અને ઝડપી તેમજ સારો ઉગાવો મેળવવા માટે વાવણી પૂર્વે મગફળીના દાણાને બીજામૃતનો પટ આપી છાંયડે સુકવવા જોઈએ અને વાવેતર સમયે એકર દીઠ ૧૦૦ કિ.લો છાણીયું ખાતર તથા ૧૦૦ કિ.લો ઘન જીવામૃત જમીનમાં ભેળવવું હિતાવહ છે. પાકના સારા વિકાસ માટે નિયમિત અંતરે પાંચ તબક્કામાં જીવામૃતનો પાણી સાથે છંટકાવ કરવો જરૂરી છે. જેમાં પ્રથમ મહિને ૫ લીટરથી શરૂ કરી ક્રમશ : ૨૧–૨૧ દિવસના અંતરે વધારતા જઈને ચોથા છંટકાવમાં ૧૫ લીટર સુધી જીવામૃત મિશ્ર કરી છાંટવું. વરસાદ આધારિત ખેતીમાં પાક નિષ્ફળ જવાના જોખમ સામે રક્ષણ મેળવવા માટે મગફળીની સાથે કપાસ, દિવેલા, સૂર્યમુખી કે તુવેર જેવા પાકોને ચોક્કસ અંતરે આંતરપાક તરીકે લેવાથી ખેડૂતો વધુ આવક મેળવી શકે છે.

પાકમાં આવતી વિવિધ જીવાતો અને ફૂગના કુદરતી નિયંત્રણ માટે કેમિકલ મુક્ત નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિ અસ્ત્ર કે ૩ થી ૪ દિવસ જૂની ખાટી છાશનો ૧૦૦ લીટર પાણીમાં મિશ્રિત કરી યોગ્ય માત્રામાં સમયાંતરે છંટકાવ કરવાથી પાક સુરક્ષિત રહે છે અને જમીનની ફળદ્રુપતા પણ લાંબા સમય સુધી જળવાઈ રહે છે.(આલેખન : ધર્મેશ વાળા)

### ઈરાન સાથેના યુદ્ધ વચ્ચે ઈઝરાયલનું ટેન્શન વધ્યું

## નેતન્યાહૂની તબિયત લથડતાં હોસ્પિટલમાં દાખલ કરાયાં

### ગયા મહિને નેતન્યાહૂએ પ્રોસ્ટેટ ગ્લેન્ડમાં થયેલાં કેન્સરસ ટયુમર અંગે તેમણે હેદયાહ હોસ્પિટલમાં રેડીએશન ટ્રીટમેન્ટ લીધી હતી

જેરૂસલેમ, તા.૨૭

ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહૂને સોમવારે સાંજે જેરૂસલેમની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે તેમ સૌથી પહેલાં સ્થાનિક મીડીયાએ જણાવ્યું હતું કે પછી વડાપ્રધાનનાં કાર્યાલય તરફથી સત્તાવાર નિવેદન પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું કે વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે.ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયલ જણાવે છે કે વડાપ્રધાન નેતન્યાહૂને હદસાહ ઐન કેરેમ મેડીકલ સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તેઓને દાંતની તકલીફ અંગે સારવાર અપાઈ રહી છે.ચિંતાજનક બાબત તે છે કે ૭૬ વર્ષીય આ નેતાની તંદુરસ્તી અંગે ઘણી જ કાળજી રાખવામાં આવી રહી છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં તેઓને વારંવાર હોસ્પિટલમાં સારવાર આપવી પડી છે. આથી ટીકાકારો કહે છે કે તેઓની તંદુરસ્ત અંગે સરકાર પૂરતી માહિતી જનતાને આપતી જ નથી.સત્તાવાર જાહેરાત પ્રમાણે તો આ ઘટના સામાન્ય લાગે છે પરંતુ નેતન્યાહૂનાં આરોગ્ય અંગે ભાતભાતની અટકળો થઈ રહી છે.ગયા મહિને નેતન્યાહૂએ પોતે જ સોશ્યલ મીડીયા પોસ્ટ ઉપર જણાવ્યું હતું કે તેમની પ્રોસ્ટેટ ગ્લેન્ડમાં થયેલાં કેન્સરસ ટયુમર અંગે તેમણે હેદયાહ હોસ્પિટલમાં રેડીએશન ટ્રીટમેન્ટ લીધી હતી. વધુ સ્પષ્ટતા કરતાં તેમણે કહ્યું હતું કે ટ્રીટમેન્ટ અંગેના સમાચાર તેમણે જાણી જોઈને મોડેથી આપ્યા હતા. કારણ કે ઈરાન તે માહિતીનો દુષ્પ્રચાર માટે ઉપયોગ કરે.

### તમિલનાડુના મુખ્યમંત્રી બન્યા પછી વિજય ચર્ચામાં

## મુખ્યમંત્રી થલપતિ વિજયે PM મોદી સાથે કરી મુલાકાત

### બુધવારે સવારે દિલ્હી પહોંચેલા વિજયે કેન્દ્ર સરકાર સાથે તમિલનાડુની પડતર માંગણીઓ પર ચર્ચા કરી હતી

નવી દિલ્હી, તા. ૨૭

તમિલનાડુના મુખ્યમંત્રી બન્યા પછી થલાપતિ વિજય ચર્ચામાં રહે છે. સુપરસ્ટાર મુખ્યમંત્રીએ હવે દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પહેલી મુલાકાત કરી છે. બુધવારે સવારે દિલ્હી પહોંચેલા વિજયે કેન્દ્ર સરકાર સાથે તમિલનાડુની પડતર માંગણીઓ પર ચર્ચા કરી.

તમિલનાડુના નવા મુખ્યમંત્રી જોસેફ વિજય પદ સંભાળ્યા પછી પહેલી વાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળવા દિલ્હી ગયા છે. આ મુલાકાત દરમિયાન તેમણે કેન્દ્ર સરકાર સાથે તમિલનાડુની લાંબા સમયથી પડતર માંગણીઓ પર ચર્ચા કરી. વિજય તમિલનાડુના વિકાસને લગતા અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવા દિલ્હી પહોચ્યા છે. તેમની મુલાકાતનો સંપૂર્ણ એજન્ડા જાહેર કરવામાં આવ્યો નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે તેઓ પ્રધાનમંત્રી ઉપરાંત અન્ય ઘણી રાજકીય હસ્તીઓ સાથે મુલાકાત કરી શકે છે.દિલ્હી પહોંચ્યા પછી વિજય પહેલા મધ્ય દિલ્હીમાં તમિલનાડુ હાઉસ ગયા. પ્રધાનમંત્રી મોદી સાથે તેમની મુલાકાત સાંજે ૪:૩૦ વાગ્યે નક્કી કરવામાં આવી હતી. સાંજે વિજય સેવા તીર્થમાં પ્રધાનમંત્રીને મળવા ગયા. બંનેની લગભગ ૨૫ મિનિટ સુધી મીટિંગ ચાલી હતી. આ બેઠકમાં વિજય અને પીએમ મોદી વચ્ચે થયેલી વાતચીતની વિગતો સામે આવે તેની હજુ પણ રાહ જોવાઈ રહી છે. વિજયનું સિનેમા સુપરસ્ટારમાંથી રાજકીય હીરોમાં રૂપાંતર એક મોટા સમાચાર હતા. જયારે તેમણે તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારે પ્રધાનમંત્રી મોદીએ તેમને અભિનંદન આપ્યા. પ્રધાનમંત્રીના એક્સ હેન્ડલ પરથી શેર કરાયેલી એક પોસ્ટમાં લખ્યું હતું કે, "થિરુ સી. જોસેફ વિજયને તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે શપથ લેવા બદલ અભિનંદન. તેમના આગામી કાર્યકાળ માટે શુભકામનાઓ. કેન્દ્ર સરકાર લોકોના જીવનને સુધારવા માટે તમિલનાડુ સરકાર સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે."

મેડિક્લેઈમ સુવિધા તથા GSRTC (ST) માન્ય હોસ્પિટલ

આયુષ્માન કાર્ડ અને PGVCL ના કર્મચારીઓ માટે કેશલેસ સારવાર ઉપલબ્ધ

કાર્યરત વિભાગો

યુરોલોજી વિભાગ (કિડની - પથરી - પ્રોસ્ટેટ) | ગાયનેક અને આઈ.વી.એફ વિભાગ (સ્ત્રી રોગ) | મેડીસીન વિભાગ (ફિઝિશિયન)
બાળરોગ વિભાગ (પીડીયાટ્રીક્સ) | આંખ વિભાગ | ઈ.એન.ટી વિભાગ (કાન-નાક-ગળા)
ઓર્થોપેડિક વિભાગ (હાડકા-સ્નાયુ-સાંધા) | જનરલ સર્જરી વિભાગ | ડાયાલિસીસ વિભાગ
લેબોરેટરી વિભાગ | આયુર્વેદ વિભાગ | ફિઝીયોથેરાપી વિભાગ

24/7 Emergency Services

GUVNL

NABH

PM-JAY

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯

એપોઈન્ટમેન્ટ માટે 99789 66629


### અખિલ ભારતીય ગ્રાહક પંચાયતની માંગ

# એમઆરપીનાં નામે ગ્રાહકોને લુંટવાનું બંધ કરવા રજુઆત

### જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવાયું



અમરેલી, તા. ૨૭

અખિલ ભારતીય ગ્રાહક પંચાયત દ્વારા દેશભરમાં મહત્તમ છૂટક કિંમત (એમઆરપી) ની આડમાં સામાન્ય ગ્રાહકો અને નાના વેપારીઓ સાથે થઈ રહેલ મોટી નાણાંકીય લૂંટ ના વિરોધમાં એક આવેદનપત્ર સોંપવામાં આવ્યું. આ આવેદનપત્ર અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ (કલેકટર) મારફતે કેન્દ્ર સરકારને યોગ્ય કાર્યવાહી કરવા માટે આપવામાં આવ્યું છે.

ગ્રાહક પંચાયતે ધ્યાન દોરતા જણાવ્યું કે, હાલમાં સરકાર દ્વારા એમઆરપી નક્કી કરવા માટે કોઈ કડક નિયંત્રણ કે ચોક્કસ નીતિ –નિયમો ન હોવાને કારણે ઉત્પાદક કંપનીઓ મનમાની રીતે વાસ્તવિકતા ઉત્પાદન મૂલ્યથી કેટલાય ગણી વધુ કિંમત છાપી રહી છે. એનાથી બજારમાં ગ્રાહકોનું ખુલ્લુ શોષણ થઈ રહ્યું છે. ગ્રાહક પંચાયતે એના પ્રમાણમાં કેટલાંક મુખ્ય ઉદાહરણ પણ આપ્યા. જેમકે

અનુસંધાન પાના ૬ ઉપર

### વારસાઈ ભૂલ સુધારવા માટે પોલીસે કરી મદદ

# અરે વાહ : અમરેલી જિલ્લા પોલીસે ૧૦ વર્ષથી ન્યાય માટે ભટકતી મહિલાને હક્ક અપાવ્યો

### પોલીસ અને મહેસુલ વિભાગનાં સંકલનથી ૧૧ વીઘા જમીનનાં વારસાઈ હક્કો પરત



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લાના વંડા પોલીસ સ્ટેશન વિસ્તારના હિપાવડલી ગામે રહેતી રક્ષાબેન નલિનભાઈ કચ્છી છેલ્લા દસેક વર્ષથી જમીનની વારસાઈમાં થયેલી ગંભીર ભૂલના કારણે પોતાના હક્ક માટે કચેરીઓના ધક્કા ખાવા પડતા હતા. ત્યારે અમરેલી જિલ્લા પોલીસ, મહેસૂલ વિભાગ અને જિલ્લા કલેકટર કચેરીના સંકલિત પ્રયાસોથી આખરે મહિલાને ન્યાય મળ્યો છે.

મળતી માહિતી મુજબ સને ૨૦૧૧ દરમિયાન રક્ષાબેનના સસરા રણછોડભાઈએ વારસાઈ માટે કરાયેલા પેઢીનામામાં પોતાના પુત્ર નલિનના નામની જગ્યાએ લલિત નામ લખાવ્યું હતું. જેના કારણે રક્ષાબેનના પતિનું નામ જમીનની વારસાઈમાં ચડયું નહોતું અને તેઓનો હક્ક અટવાઈ ગયો હતો.

બાદમાં આ ભૂલની જાણ થતાં રક્ષાબેન દ્વારા વિવિધ કચેરીઓમાં નામ સુધારવા માટે રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ કાયદાકીય પ્રક્રિયા અને ટેકિનકલ આંટીઘૂંટીના કારણે તેમને કોઈ ન્યાય મળ્યો નહોતો.

છેલ્લા દસ વર્ષથી સતત હેરાનગતિ બાદ રક્ષાબેને વંડા પોલીસ સ્ટેશન ખાતે અરજી આપી હતી અને તેમના પતિનું ખોટું નામ દાખલ કરનાર સામે છેતરપિંડી તથા વિસઘાત અંગે કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ વંડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર પી.જે. રામાણી દ્વારા અરજીની ગંભીરતાથી તપાસ હાથ ધરાઈ હતી અને ગુનો પણ દાખલ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ સાવરકુંડલા વિભાગના તે સમયના મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્યએ કેસની વિગતો ઊંડાણપૂર્વક સમજી મહેસૂલ વિભાગ અને કૃષિ વિભાગમાંથી જરૂરી પુરાવાઓ એકત્ર કર્યા હતા. આ

અનુસંધાન પાના ૬ ઉપર

### ૫ થી ૭ દિવસે મળતા પાણીની સમસ્યા બનશે ભૂતકાળ

# ભૈ વાહ : રાજુલામાં આગામી દિવસોમાં ૨ થી ૩ દિવસે નિયમિત પાણી વિતરણ કરવામાં આવશે

### શહેરનાં જુદા-જુદા વિસ્તારમાં સંપ, ઓવરહેન્ડ ટેન્ક બનતા સમસ્યા દૂર



રાજુલા, તા. ૨૭

રાજુલામાં ઉનાળામાં પાંચ-સાત દિવસે મળતા પાણીની સમસ્યા હવે ભૂતકાળ બની જશે. રાજુલામાં ચાર મહાકાય પાણીના સંપ તૈયાર થતાં પાણીની પળોજણમાંથી શહેરીજનોનો કાયમી છુટકારો થશે.

ચાર મહાકાય પાણીના સંપનું કામ પૂર્ણતાના આરે, અંદાજે ૩૦ કરોડ જેટલા ખર્ચે પાણી સંગ્રહની વિશાળ સુવિધા ઉભી કરવામાં આવી છે.

અત્યાર સુધી ૩૫ વર્ષ જૂની લીકેજવાળી માત્ર બે જ પાણીની ટાંકીઓ હોવાથી શહેરમાં પાણી સ્ટોરેજની ગંભીર સમસ્યા સર્જાતી હતી. ઉનાળામાં લોકોને પાંચથી સાત દિવસે પાણી મળતું હોવાથી ભારે હાલાકી ભોગવવી પડતી હતી. હવે નવા પાણીના સંપ તૈયાર થતાં રાજુલા શહેર માટે પાણી વ્યવસ્થામાં મોટો બદલાવ આવવાની આશા વ્યકત થઈ રહી છે.

ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, જીગ્નેશભાઈ પટેલ, રવુભાઈ ખુમાણ, પાલિકા પ્રમુખ પ્રતિનિધિ મયુરભાઈ દવે, ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ વાઘ તથા કારોબારી ચેરમેન હેમલભાઈ વસોયાની રજૂઆત અને પ્રયાસોથી સરકાર દ્વારા રાજુલા શહેર માટે ચાર નવા પાણીના સંપ મંજૂર કરવામાં આવ્યા હતા.

મફતપરા, છતડીયા રોડ, ડોળીનો પટ્ટ તેમજ ધોળિયા ડુંગર વિસ્તારમાં ચારેય સંપનું કામ લગભગ પૂર્ણ થઈ ચૂકયું છે. હાલમાં અંતિમ

અનુસંધાન પાના ૬ ઉપર

### એક પરિણીતા, એક યુવક સહિતનાં અપમૃત્યુ

# અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં અપમૃત્યુનાં ૪ બનાવો નોંધાયા

### છતડીયા, સાવરકુંડલા, કોટડાપીઠા અને મોટા મુંજીયાસરનો બનાવ

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન અલગ અલગ ચાર જેટલા અપમૃત્યુનાં બનાવ પોલીસ ચોપડે નોંધાયા છે.

પ્રથમ બનાવમાં રાજુલા તાલુકાનાં છતડીયા ગામે રહેતા ભાવેશ પીઠાભાઈ સરવૈયા નામનાં ૨૫ વર્ષીય યુવકે ગત તા. ૨૫નાં સવારનાં ૯:૩૦ વાગ્યાથી સાંજનાં આશરે ૭:૩૦ સુધીમાં કોઈપણ સમયે ભીખાભાઈ નનકુભાઈ ધાખડાની વાડીએ કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

જયારે બીજા બનાવમાં સાવરકુંડલા ગામે ગણેશવાડી જુનો કાનાતળાવનો રસ્તે રહેતી અનિતાબેન રમેશભાઈ ચોટલીયા નામની ૩૨ વર્ષીય પરિણીતાએ ગત તા. ૨૪નાં સાંજે ૬:૩૦ વાગ્યે પોતાના રહેણાંક મકાને કોઈ અગમ્ય કારણો સર પોતે પોતાની મેળે ઘઉંમા નાખવાનો સલ્ફોસ નામનો ઝેરી પાવડર પી જતા તેમનું મોત

અનુસંધાન પાના ૬ ઉપર

### પી.પી. સોજીત્રા ફાઉન્ડેશન દ્વારા

# અમરેલી જિલ્લાનાં તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ૧લી જૂનથી સ્કોલરશીપ ફોર્મનું વિતરણ કરાશે

### ફાઉન્ડેશનનાં પ્રમુખ પી.પી. સોજીત્રાએ લાભ લેવા જણાવ્યું



અમરેલી, તા. ૨૭

અમરેલીનાં પી.પી. સોજીત્રા ફાઉન્ડેશન ધ્વારા અમરેલી જિલ્લાનાં તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક લોન–સ્કોલરશીપ માટેનાં ફોર્મનું વિતરણ ૧લી જૂનથી શરૂ કરવામાં આવશે.

ફોર્મ જુના માર્કેટયાર્ડ ઓફિસ ખાતેથી સવારનાં ૧૦થી સાંજના ૬ સુધી આપવામાં આવશે અને ફોર્મની સંપૂર્ણ વિગત ભરીને ૩૧ જુલાઈ સુધીમાં પરત જુના માર્કેટયાર્ડ ઓફિસમાં જમા કરાવવાનાં રહેશે. તેમ ફાઉન્ડેશનનાં ચેરમેન પી.પી. સોજીત્રાએ જણાવેલ છે.

### સિંહોમાં CDV અને બેબસીયા નામના રોગચાળા વચ્ચે

# ગીરમાં કરાર આધારિત ૧૨ પશુ ચિકિત્સકોએ છોડી નોકરી

### ૧૫ જૂન પછી સિંહોની સારવાર વ્યવસ્થાને અસર થવાની ભીતિ

અમરેલી, તા. ૨૭

સૌરાષ્ટ્રના ગીર જંગલ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી સિંહોમાં CDV (કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ) અને બેબસીયા જેવી ગંભીર

અનુસંધાન પાના ૬ ઉપર


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫



Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
• Liaisonig Officer - 1
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
• Reporting Manager - 1
• Sales Co - Ordinator - 1
• Trainer - 1
Location :
Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW



રાજકોટ સીટીમાં-૨ (બે) ફ્લેટ વેચવાના છે
2 BHK ફ્લેટ, B-1101, "સીટી ક્લાસીક" વસંતવાટીકા નજીક, અંબીકા ટાઉનશીપ, મવડી-રાજકોટમાં
કારપેટ એરીયા : 600 Sqft Apx
કિંમત : ૩૧,૩૧,૦૦૦/- માં ૪...
પ્લસ મેન્ટેન્સ & ટ્રાન્સફર ફી
સંપર્ક : 88667 10121 / 94277 44641
2 BHK ફ્લેટ, ફુલ્લી ફર્નીસ્ડ, ૧૦૨, એકલવ્ય એપાર્ટમેન્ટ, અમીનમાર્ગ રાજકોટમાં
કારપેટ એરીયા : 670 Sqft Apx
કિંમત : ૫૫,૫૫,૦૦૦/-
સંપર્ક : 96624 58777



LG Life's Good.
Explore the new range of Single Door Refrigerators
Nature Series
SPRING
224 L (D23)
210 L (D22)
Available in: Base Stand & Non-Base Stand
Color options: Wine Royal
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)